ॐ

अनन्याश्चिंतयन्तो मां ये जनाः पर्युपासते
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् (ગીતા)

अनिर्वचनीयं प्रेमस्वरूपं (નારદ)

શ્રી કૃષ્ણના પરમ ભક્ત

મયૂરધ્વજ (મોરધ્વજ) રાજાનું આખ્યાન.



રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

કવિ જનસુખરામ નરહરરામ.

હવાડિયા ચકલા—સુરત.

મૂલ્ય બે આના પોસ્ટેજ જૂદું.

સુરત ખપાટીયા ચકલાપર ખુ. અ. ના સુરત "જૈન" પ્રીન્ટીંગ પ્રેસમા મટુભાઇ ભાઇદાસે છાપ્યું.

અર્પણ પત્રિકા.

પરમપૂજ્ય ગુરૂશ્રી વેદવ્યાસજી.

આ લઘુપુસ્તક આપને અર્પણ કરૂં છું તે સ્વીકારી ઉપકૃત કરશોજી.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	રવાર્થ	સ્વાર્થ.
૩	થરમા	ઘરમાં.
૫	મંયૂરધ્વજ	મયૂરધ્વજ.
૭	નથી.	નથી,
૮	મિષ્ટસ્વર	મિષ્ટસ્વરથી
૯	કહેવ	કહેવા
૧૨	તેસ.	તેમ
૧૬	સારથીના	સારથિના મસ્તકને
૧૭	ક્રોધથી	ક્રોધથી
૧૯	કાઢી.	કાઢી,
,,	બીજા	બીજાં
૨૦	પ્રદ્યુમ્નના	પ્રદ્યુમ્નના
૩૧	પગ	પગ,
૩૨	કાનો	કાર્યનો

सा परानुरक्तिरीश्वरे. (શાંડિલ્ય)

ॐ तत्सत् परमात्माने नमः

મયૂરધ્વજ રાજાનું આખ્યાન.

દુર્યોધનની દુષ્ટતાને લીધે પાંડવ કૌરવનું ભયંકર યુદ્ધ થયું. જે યુદ્ધમાં અનેક વીર પુરુષો રણ ભૂમિમાં શયન કરી ગયા. સંજયે પ્રથમજ અંધ ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે-

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम

જે પક્ષમાં યોગેશ્વર કૃષ્ણ ભગવાન્ છે તથા જે પક્ષમાં ધનુષ ધારણ કરનાર પાર્થ (અર્જુન) છે તે પક્ષ વિષે શ્રી, વિજય, ભૂતિ, તથા નીતિ, અવશ્ય થશે. મારો નિશ્ચય આવી રીતનો છે. જેનો કાલ પાસે આવ્યો છે, એવા મનુષ્યને જેમ ઉત્તમ ઔષધ રૂચે નહિ, તેમ સ્વાર્થના સાગરમાં ડૂબી ગયેલા અંધ ધૃતરાષ્ટ્રને સંજયની હિતકારી વાણી રૂચિ નહીં. તેના મનમાં તો એમજ હતું કે–મારા પક્ષમાં ભીષ્મ, દ્રોણ, કર્ણ, ભગદત્ત, ભૂરિશ્રવા વગેરે મોટા મોટા યોદ્ધાઓ છે, તેથી અવશ્ય મારો જય થશે. દુર્યોધનની દુષ્ટ વાણી જ્યારે જ્યારે અંધ ધૃતરાષ્ટ્ર સાંભળતો હતો, ત્યારે ત્યારે તે મોહને વશ થઈ સારાસારનો વિચાર ભૂલી જતો

હતો. શ્રીકૃષ્ણે, ભીષ્મે, દ્રોણાચાર્યે, તથા વિદુરે દુર્યોધનને બહુ સમજાવ્યો, પરંતુ તે એકનો બે થયો નહીં. અંતે ધર્મનો જય થયો. શ્રી કૃષ્ણની બુદ્ધિથી, અર્જુનની અસ્ત્ર વિદ્યાથી, તથા ભીમસેનના બાહુબલથી, દુર્યોધન પોતાના બંધુ સહિત પૃથ્વી પર પડ્યો. તેની આશા ધૂલીભૂત થઈ ગઈ. સંબંધીઓના વધને લીધે યુધિષ્ઠિરને રાજ્ય પર અભાવ આવી ગયો. તે વૈરાગ્યને પ્રાપ્ત થયા. તે રાત દિવસ ઉંડા વિચાર કરવા લાગ્યા. શ્રી કૃષ્ણે તથા બીજાઓએ તેમને બહુ સમજાવ્યા, પરંતુ તેમના મનનું સમાધાન થયું નહીં. એવામાં મહાતત્વવેત્તા વ્યાસમુનિ ત્યાં પધાર્યા. યુધિષ્ઠિર તેમને પુષ્કળ માન આપી કહેવા લાગ્યા—"હે વ્યાસ મુનિ! મારા જેવો નિર્દય કોણ હશે? જ્યારે મનુષ્ય સ્વાર્થમાં ડૂબી જાય છે, ત્યારે તે વિવેકને વિસરી જાય છે. અનિત્ય રાજ્યને માટે મેં સંબંધીઓનો તથા અનેક વીર પુરુષોનો ઘાણ કઢાવી નાખ્યો. પશ્ચાત્તાપનો કીડો મારૂં અંતઃકરણ કોતરી ખાય છે. રાત્રે મને નિદ્રા આવતી નથી. કદાચ આવે છે, તો ભયંકર સ્વપ્ન પ્રાપ્ત થવાથી હું ઝબકી ઉઠું છું. મારેજ લીધે રૂધિરની નદી ચાલી કે, જેનું દર્શન કરતાં વીર પુરુષનું હૃદય પણ કંપી ઉઠયા વિના રહે નહીં. દુર્યોધનને રાજ્ય આપીને તેનો સેવક બન્યો હોત, તો તેમાં ખોટું શું હતું? અરેરે! પશ્ચાત્તાપ

વખતે જેવી બુદ્ધિ મનુષ્યને પ્રાપ્ત થાય છે, તેવી જો પ્રથમથીજ પ્રાપ્ત થતી હોય તો કોનો મોટો ઉદય ન થાય? આજે ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને કેવી તીવ્ર લાગણી થતી હશે? અહો! પુત્ર સ્નેહ કાંઈ જેવો તેવો છે? પ્રથમ વિચાર કર્યા વિના કાર્યનો આરંભ કરવામાં આવે છે, તો તે કદી પણ શ્રેયસ્કર થતું નથી. સાહસ આપત્તિનું મૂલ છે. સાહસ કર્મ કરનાર શ્રી, યશ, સુખ, આનંદ, તથા પુત્ર પણ ગુમાવી દે છે. હવે હું કયાં જાઉં? અને શુ કરૂં? જેમ શુષ્ક ઉપવન પર પક્ષીને, કમલ વિનાના સરોવર પર ભ્રમરને, નિર્ધન મનુષ્ય પર સંસારીને, તથા નપુંસક પુરુષ પર સ્ત્રીને પ્રેમ ઉત્પન્ન થતો નથી, તેમ મને હવે રાજ્ય પર પ્રેમ ઉત્પન્ન થતો નથી ભલે ભીમસેન રાજા થાય. હું તો સર્વનો ત્યાગ કરી અરણ્યમાં જઈ તપ કરી શેષ આયુષ પૂર્ણ કરીશ." યુધિષ્ઠિરની આવી વાણી સાંભળી વ્યાસમુનિ બોલ્યા—"હે યુધિષ્ઠિર! તેં યોગ્ય વિચાર કર્યો નથી. તું એમ જાણે છે કે મેં સંબંધીઓનો નાશ કરાવ્યો છે, પરંતુ તું તો નિમિત્ત માત્ર છે. ખરી રીતે તો કાલજ પ્રાણી માત્રને ખાઈ જાય છે. એ કાલે કંઈક બ્રહ્મા, કંઈક ઈંદ્ર, કંઈક સૂર્ય, તથા કંઈક ચંદ્રને પણ ઉખેડી નાખ્યા. તારા જેવા મહાન્ પુરૂષો ગઇ વસ્તુનો શોચ કરતા નથી અરણ્યમાં ફરતા શિયાળને સિંહ, ક્ષેત્રમાં ચરતા અજ ને વ્યાઘ્ર, ઘરમાં

દોડતા મૂષકને માર્જાર, કિનારે પડેલા કાષ્ઠને નદીનો પ્રવાહ, તથા અરણ્યમાં પડેલા શુષ્કપર્ણને જેમ વાયુ ઘસડી જાય છે, તેમ કાલ સર્વને ઘસડી જાય છે. જે ખીલ્યું હોય તે ખરે છે, ભર્યું હોય તે ઠલવાય છે, લીલું હોય તે શુષ્ક થાય છે તો પછી શોક શા માટે કરવો જોઈએ ? વૃક્ષને અનેક પર્ણો આવી ખરી જાય છે, તેમ આ વિશ્વમાં અનેક પ્રાણી ઉત્પન્ન થઈ નષ્ટ થઈ જાય છે. નિયતિને ફેરવી નાખવા કોણ સમર્થ છે ? જેમ સૂર્યમાં અંધકાર પ્રવેશ કરતો નથી, તેમ જ્ઞાનીમાં અજ્ઞાન આવી શકતું નથી. કોઈ કોઇનો પિતા નથી, તથા કોઈ કોઇનો પુત્ર નથી. માયાએ આ મિથ્યાજ રચના રચી છે. માટે હે તાત ! તું મિથ્યા શોક છોડી દે. તારા મનમાં એમ હોય કે આવું મોટું પાપ કરી હું ક્યારે છૂટીશ, તો હું બતાવું તેમ કર. તું અશ્વમેધ નામનો યજ્ઞ કર. સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે, તેમ અશ્વમેધ યજ્ઞ સકલ પાપને ઉડાવી દે છે. અગ્નિ આગળથી શીત ભાગી જાય છે, તેમ અશ્વમેધથી પાપ ભાગી જાય છે.

મહા મુનિ વ્યાસના કહેવાથી યુધિષ્ઠિર રાજાએ યજ્ઞનો અશ્વ પેદા કર્યો, અને તે છૂટો મૂક્યો. તે અશ્વનું રક્ષણ કરવાને અનેક યોદ્ધાઓ સહિત અર્જુનને મોકલ્યો. જે કોઇ રાજા યજ્ઞના અશ્વને બાંધતો હતો, તેનો વીર અર્જુન પરાજય કરતો હતો. વાયુ જેવા વેગવાળો તે અશ્વ અનેક

દેશોમાં ભ્રમણ કરવા લાગ્યો. ફરતો ફરતો તે ઉત્તર દિશામાં આવી ચઢયો. ત્યાં તેને મયૂરધ્વજનો અશ્વ સામો મળ્યો, કે જેની રક્ષા મહા બળવાન્ તામ્રધ્વજ કરતો હતો. તામ્રધ્વજ મયૂરધ્વજનો પુત્ર હતો. મયૂરધ્વજ શ્રીકૃષ્ણનો પરમ ભક્ત હતો. મન વચનને કર્મથી તે શ્રીકૃષ્ણનેજ અર્પણ થઈ ગયો હતો. ખાતાં, પીતાં, બેસતાં, ઉઠતાં, તથા ફરતાં, તે શ્રીકૃષ્ણનુંજ સ્મરણ કરતો હતો. જેમ પાણી ભરીને જતી સ્ત્રીની વૃત્તિ ઘટકાર રહે છે, તેમ તેની વૃત્તિ બ્રહ્માકારજ રહેતી હતી. સંસારનું અનિત્યત્વ સમજી તે કદી પણ માયિક પ્રપંચોમાં લપટાતો નહીં. જેમ આમ્ર વૃક્ષથી આમ્ર ફલજ પ્રાપ્ત થાય છે, તેમ મયૂરધ્વજથી તામ્રધ્વજ ઉત્પન્ન થયો હતો, તેથી તે જાતે તેના પિતા જેવોજ ગુણવાન હતો. યુધિષ્ઠિરનો અશ્વ તથા તામ્રધ્વજનો અશ્વ બન્ને અત્યંત શોભવા લાગ્યા. તેઓ ખોંખારવા લાગ્યા, પગ ઠોકવા લાગ્યા, તથા રમવા લાગ્યા. બીજો અશ્વ આવેલો જોઈ તામ્રધ્વજે પોતાના પ્રધાનને કહ્યું કે હે પ્રધાનજી! તમે તપાસ કરો કે આ આવેલો બીજો અશ્વ કોનો છે? પ્રધાને પાસે આવી પત્ર વાંચ્યું. પછી તે તામ્રધ્વજ પાસે જઈ કહેવા લાગ્યો—મહારાજ એ અશ્વ પાંડવોનો છે. જેમ કાર્તિકેય ઈંદ્રની રક્ષા કરે, તેમ નરનારાયણ એની રક્ષા કરે છે. અર્જુન સાથે હજારો યોદ્ધાઓ છે. આપ અર્જુનના બળથી

ક્યાં અજાણ્યા છો? એ અર્જુન તેજ છે કે જેણે સાક્ષાત્ શંકર સાથે યુદ્ધ કર્યું હતું, નિવાત કવચનો ઘાણ કાઢી નાખ્યો હતો, તથા દ્રોણ, કર્ણ, ભીષ્મ, જેવા સમર્થ યોદ્ધાઓને જીતી લીધા હતા. પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, વૃષકેતુ વગેરે હજારો યોદ્ધાઓના ચરણ પ્રહારથી પૃથ્વી ધ્રુજી રહી છે. આકાશમાં ઉડતી ધૂળ જાણે યશ ફેલાવતી હોય તેમ લાગે છે. એકલો અર્જુનજ આખી પૃથ્વીને જીતવા સમર્થ છે. નીલધ્વજ, હંસધ્વજ વગેરે પણ સાથેજ છે કે જેઓ નીતિવેત્તા, મહા બળવાન્, તથા પરમ ધૈર્યવાન્ છે. સિંહનો ભાગ જેમ શિયાળ ગ્રહણ કરી શકે નહીં, તેમ એ અશ્વને કોઈ ગ્રહણ કરી શકે એમ નથી માટે મહારાજ ચાલો આપણે અત્રેથી ચાલ્યા જઇએ.

પ્રધાનની આવી વાણી સાંભળી વૃદ્ધિ પામેલા અગ્નિની પેઠે કોપ પામી તામ્રધ્વજ બોલ્યો–હે પ્રધાનજી! તમે આ શું કહો છો? શું ખદ્યોત અનેક હોય તો તેથી સૂર્ય ઢંખવાઈ જાય છે? તારા અનેક હોય તેથી ચંદ્ર દબાઈ જાય છે? અનેક બકરાથી વાઘ પાછો હઠે છે? અનેક શિયાળવાં જોઈ સિંહ ભાગી જાય છે? અનેક ઉંદરોની દોડાદોડથી માર્જાર ગભરાઈ જાય છે? અનેક વૃક્ષોથી કલ્પ વૃક્ષ ડરી જાય છે? અનેક દૈત્યોથી શ્રી વિષ્ણુ ભાગી જાય છે? શું અનેક નદીઓનું પાણી મહાસાગર બરાબર થશે?

શું અનેક ટીટોડા ગરૂડને જીતી લેશે? શીઘ્રજાઓ, અને એ અશ્વને બાંધી મારી પાસે લઇ આવો. અનેક તૃણોને ઉડાવતાં વાયુને શી વાર છે? ત્રિપુરાસુરથી શંકર ડર્યા નહોતા, તેમ અર્જુન વગેરેથી હું કિંચિત્ પણ ડરતો નથી. પ્રધાન બોલ્યો—મહારાજ! સુતેલા સિંહને જગાડવો ઉચિત ન ગણાય! રાફડામાં રહેલા સર્પને છંછેડવો એ ડહાપણનું કામ ન ગણાય. વ્યાઘ્રના મુખમાં હાથ ઘાલવો એ વિવેકીનું કર્તવ્ય ન ગણાય. સળગતા અગ્નિ પર હાથ મૂકવો એ ચતુર મનુષ્યનું કામ ન કહેવાય. આપને હજી નરનારાયણના બળની ખબર નથી, અને તેથીજ આપ એ અશ્વને ગ્રહણ કરવાની ઇચ્છા રાખો છો. શ્રીકૃષ્ણની સહાયતાવાળો અર્જુન ઇંદ્રને પણ કંપાવી નાખે, તો પછી આપનું શું ગજું? નિંબ તરૂ કટુ હોય છે, પરંતુ તેની છાયા મીઠી હોય છે. હિતેચ્છુ કટુ વચન કહે છે, પરંતુ તે પોતાનું અંતઃકરણ નિર્મળ દર્પણવત્ રાખે છે. જે મનુષ્ય હિતેચ્છુનું કહ્યું માનતો નથી, તે કદી પણ પરમાનંદનો અનુભવ કરતો નથી. તામ્રધ્વજ બોલ્યો—હે પ્રધાનજી! હું તમારો તિરસ્કાર કરતો નથી. જે વૃદ્ધનો તિરસ્કાર કરે છે, તે મહા મૂર્ખ ગણાય છે. હે મહા બુદ્ધિમાન્ પ્રધાનજી! તમને હજી મારા બળની ખબર નથી. અને તેથીજ તમે આવી રીતે કહો છો. હું ચાહું તો મેરૂને ઉપાડી સાગરમાં ફેંકી દઉં,

શેષ નાગને આકાશમાં ઉડાવી દઉં, ઇંદ્ર સહિત સઘળા દેવતાને જીતી લઉં, તથા કૈલાસને પણ ઉપાડી લાવું. હું હાસ્યમાં પણ મિથ્યા વચન બોલ્યો નથી, તોપછી આજે શામાટે બોલુ ? અર્જુનના સઘળા યોદ્ધાઓને હું ચાંચડ માફક ચોળી નાખીશ એ તમે ખાત્રીથી માનજો. ઠામોઠામ પાષાણુ હોતા નથી, રત્ન પણ કોઈ સ્થળે હોય છે. પ્રધાન બોલ્યો–ચંદ્રમાંથી અમૃત ઝરે તેમાં આશ્ચર્ય જેવું શું છે? પ્રકાશ આપવો એ સૂર્યનો સ્વભાવજ છે. મિષ્ટસ્વર શું મણિધર ડોલતો નથી ? કોમલતા ધારણુ કરવી એ પદ્મનો સ્વભાવજ છે. અનેક પાપીઓને પાવન કરવા એ ગંગાનો સ્વભાવ છે. અનેક પશુઓને ઉપાડી ખાઇ જવા એ સિંહનો સ્વભાવ છે. આપના પિતા મહા ગુણુવાન છે. આપ પિતાના અંગોઅંગમાંથી ઉત્પન્ન થયા છો. આપ પિતાનીજ અન્ય મૂર્તિ છો. આપનામાં આવું શુરાતન હોય એમાં આશ્ચર્ય જેવું શું છે ? અશ્વને હમણાંજ બાંધી લાવું છુ, એમ કહી બહુલધ્વજ પ્રધાને તેને બાધી લીધો.

તામ્રધ્વજ બોલ્યો–આજે અર્જુનનું રક્ષણ કરવા સાક્ષાત્ વિષ્ણુ આવશે, તોપણ હું પાછો હઠવાનો નથી, મારી સામે ઉભો રહી યુદ્ધ કરે એવો આ વિશ્વમાં કોઈ પણ યોદ્ધો નથી. હસ્તી આગળ અજનું શું ગજું? શકરા આગળ બિચારો ટીટોડો શું કરી શકે ? કીડીને છુંદી

નાખતાં વૃષભને શી વાર ? મૂર્ખને જીતી લેતાં વિદ્વાનને શો વિલંબ લાગે ? હે પ્રધાનજી! પાંડવોના સૈન્યમાં બભ્રુવાહન ને વૃષકેતુ કાંઇક ઉભા રહી લડી શકે એમ છે. ઋષિઓ કહે છે કે "શ્રીકૃષ્ણ વિષ્ણુનો અવતાર છે." આજે મોટું યુદ્ધ થશે. દેવતાઓ તથા ઋષિઓ મારૂં પરાક્રમ જોશે. હું આપણું સૈન્ય અર્ધચંદ્રાકાર વ્યૂહમાં ગોઠવું છું. યદ્યપિ અર્જુને મોટા યોદ્ધાઓનો પરાજય કર્યો છે, પરંતુ આજે એ નાસી નહીં જાય, તો કદી પણ જીવતો જવાનો નથી. મારૂં જમણું નેત્ર ફરકે છે. મારા બાહુ યુદ્ધ કરવાને તત્પર થઇ રહ્યા છે. સાચો ક્ષત્રિય છે તે યુદ્ધને સ્વર્ગ સમાન માને છે. તે આ ક્ષર દેહ પર કાંઈ પણ મમતા રાખતો નથી. અગ્નિનો સ્વભાવ દગ્ધ કરવાનો છે તેમ સાચા ક્ષત્રિયનો સ્વભાવ યુદ્ધમાં ઘૂમવાનો છે. કદી સૂર્ય ખરી પડે, સમુદ્ર મિષ્ટ થઈ જાય, ચંદ્રમાં ઉષ્ણતા આવે, તથા અગ્નિમાં શીતતા આવે, તો પણ હું આજે પાછો હઠવાનો નથી. એમ કહી શૂરવીર તામ્રધ્વજે પોતાનું સૈન્ય અર્ધચંદ્રાકાર વ્યૂહમાં ગોઠવી દીધું, અને હાથમાં ધનુષબાણ ધારણ કરી તારકાસુરને મારવા જેમ કાર્તિકેય તૈયાર થયા હતા, તેમ તે તૈયાર થઈ ઉભો રહ્યો. આવી રીતે યુદ્ધને માટે શૂરવીર તામ્રધ્વજને તૈયાર થયેલો જોઇ શ્રીકૃષ્ણ અર્જુનને નીચે પ્રમાણે કહેવ લાગ્યા—"મારા પરમ ભક્ત

મયૂરધ્વજના પુત્રે આપણા યજ્ઞના અશ્વને પકડયો છે તે તું જો. વૃક્ષમાં જેમ કલ્પ વૃક્ષ શ્રેષ્ઠ છે, તથા મણિમાં જેમ ચિંતામણિ શ્રેષ્ઠ છે, તેમ આજે ભક્તમાં મયૂરધ્વજ શ્રેષ્ઠ છે. ખાતાં, પીતાં, રમતાં, ફરતાં, ઉઠતાં, તથા દરેક કાર્ય કરતાં મયૂરધ્વજ મારૂં સ્મરણ કરે છે. તે મારા પર અવ્યભિચારિણી ભક્તિ રાખે છે. સંસારના પદાર્થોને તે કાકવિષ્ટા સમાન ગણે છે. મલ, મૂત્ર, રૂધિર, મેદ, મજ્જા, અસ્થિ વગેરેથી બનેલા સ્થૂલ દેહ પર તેને કિંચિત્ પણ પ્રીતિ નથી. હે અર્જુન! સર્વસ્વનો ત્યાગ કરી જે મારા પર અનન્ય પ્રેમ રાખે છે, તેનો યોગ ક્ષેમ હું જ નિભાવું છું. કદી મેરૂ પર્વત પડે, બારે મેઘ તૂટી પડે, ગમે તેવું ભય ત્રાસ થાય, તો પણ મારો ભક્ત જરા પણ ડરતો નથી. ધૃતિ, ક્ષમા, દમ, યમ, નિયમ, શમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, અસ્તેય, અક્રોધ, સંતોષ વગેરે ઉત્તમ ગુણોથી મારો ભક્ત ભરપૂર હોય છે. મયૂરધ્વજ તે એક મયૂરધ્વજ છે. વળી તામ્રધ્વજ એ કાંઇ તામ્રધ્વજ નથી, પરંતુ એને તું કાલ રૂદ્ર સમજજે. આજે ભયંકર યુદ્ધ થશે એમા સંશય નથી. યદ્યપિ તેં મોટા મોટા યોદ્ધાઓને જીતી લીધા છે, પરંતુ તામ્રધ્વજ જીતાય એમ નથી, કારણ કે મારા સાચા ભક્ત મયૂરધ્વજનો પુત્ર હોવાથી એને અદ્‌ભુત બળની પ્રાપ્તિ થયેલી છે. પ્રથમ બભ્રુવાહન, પ્રદ્યુમ્ન, વૃષકેતુ, અનુશાલ્વ, હંસધ્વજ,

અનિરૂદ્ધ, સાત્યકિ, કૃતવર્મા, યૌવનાશ્વ, તથા મેઘવર્ણને યુદ્ધ કરવા દે. જો એ સઘળા યોદ્ધાઓને તામ્રધ્વજ જીતી લે તો પછી તું યુદ્ધમાં ઉતરજે.” એમ કહી શ્રીકૃષ્ણે ગૃધ્રવ્યૂહ રચ્યો. સઘળા યોદ્ધાઓ તામ્રધ્વજ સાથે લડવા તૈયાર થયા. આવી રીતે શ્રીકૃષ્ણે તૈયારી કરી તેથી મધ્યાન્હ કાલના સૂર્યની પેઠે તપી તામ્રધ્વજ કહેવા લાગ્યો—“હે શ્રીકૃષ્ણ-આજે તમે મારો સપાટો જોજો. તમારામાં જેટલુ બુધ્ધિ બળ હોય તેટલું વાપરજો. કિંચિત્ પણ કચાશ રાખતા નહીં. અર્જુનના અશ્વને પકડનાર મહાત્મા મયૂરધ્વજનો પુત્ર હું તામ્રધ્વજ છું. મેં યુદ્ધમાં કદી પણ પીઠ દેખાડી નથી. ક્ષેત્ર પર તૂટી પડી તીડ જેમ પાકનું સત્યાનાશ વાળે છે, તેમ આજે તમારા યોદ્ધાઓને હું મસળી નાખીશ હે અર્જુન ! આજે તારા ગાંડિવ ધનુષનો ટંકારવ કેમ સંભળાતો નથી. ચાલ તૈયાર થા. આમ બોલી તીડ જેમ આકાશને ઢાંકી નાખે, તેમ અનેક બાણ નાખી તામ્રધ્વજે અર્જુનના સૈન્યને ઢાંકી નાખ્યું. આટલેથી સંતોષ નહીં પામતાં, ચપળ તામ્રધ્વજે અર્જુનના ઉપર અસંખ્ય બાણો નાખી તેને સારી પેઠે વીંધી સિંહનાદ કર્યો. સાત્યકિને નવ, કૃતવર્માને આઠ, પ્રદ્યુમ્નને હજાર, તથા અનિરૂદ્ધને અસંખ્ય બાણોથી વીંધી નાખી, વાયુ જેમ વૃક્ષને ધ્રુજાવે, તેમ બળવાન્ તામ્રધ્વજ અનેક યોદ્ધાઓને ધ્રુજાવી નાખવા લાગ્યો.

તેની આવી ચપળતા જોઈ પગ તળે દબાયાથી જેમ સર્પ ખીજવાઈ જાય, તેમ ખીજવાઈ જઇ મહા પરાક્રમી અનિરૂધ્ધ ધનુષબાણ લઈ આગળ ધસી આવ્યો, અને સિંહ નાદ કરી કહેવા લાગ્યો–હે ચોર ! ઉભો રહે! ઉભો રહે! તારામાં જેટલું પરાક્રમ હોય તેટલું બતાવજે. અદ્યાપિ પર્યંત તેં શૂરવીર અનિરૂધ્ધના હાથ જોયા નથી. નાળિયેર પરથી જેમ નાળિયેર પડે, તેમ આજે તારૂં મસ્તક ધડથી છૂટું પાડીશ. હે ગર્વાંધ ! શૂરવીર પુરુષો યુધ્ધમાં પોતાનું પરાક્રમ બતાવી પ્રશંસા કરે છે, પરંતુ કાંઇ પણ પરાક્રમ દર્શાવ્યા વગરજ તું તારી પ્રશંસા કરવા લાગ્યો, તેથી તું મહા કાયર છે સૂર્ય ઉગે છે, તે બધાને કહેવા જતો નથી કે હું ઉગ્યો છું. તેના પ્રકાશથીજ પ્રાણીઓ જાગ્રત થઈ જાય છે. જે ખરો શૂરવીર છે તે કદી પણ આત્મશ્લાઘા કરતો નથી. અધૂરો ઘડો છલકાય છે. ભરેલો ઘડો કદી પણ શબ્દ કરતો નથી. મેઘ જેમ અનેક ધારાથી પૃથ્વીને ઢાંકી દેછે, તેમ હું અનેક બાણો મારી તને ઢાંકી નાખીશ. વીર પુરુષના પરાક્રમથી જો તું જાણીતો હોત તો આવું સાહસ કદી પણ કરત નહીં. ખડની ગંજીને બાળી દેતાં અગ્નિને શી વાર? વૃક્ષની ડાળી ઉંચકી દૂર ફેંકી દેતાં હસ્તીને શો વિલંબ ? અનિરૂદ્ધનું બોલવું સાંભળી તામ્રધ્વજ બોલ્યો–હે વીર પુરષ ! મિથ્યા લવારો શા માટે કરે છે? તારામાં પરાક્રમ હતું તો જે

સમયે બાણાસુરે તને બાંધી લીધો, તે વખતે તે ક્યાં ગયું હતું? હે મૂર્ખ! તું હજી નાદાન છે, અને તેથી આવું ઉદ્ધતાઇ ભરેલું ભાષણ કરે, એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. જેમ કોઇ બાળક હાથમાં સૂર્ય લેવાની ઈચ્છા ધરાવે, તેમ તું મને જીતી લેવાની ઇચ્છા ધરાવે છે. જેણે સૂર્ય ના જોયો હોય, તે આગિયાની પ્રશંસા કરે છે. સિંહના પરાક્રમથી જે અજ્ઞ હોય તે ભલેને શિયાળની પ્રશંસા કરે! મારા આ મજબૂત હાથમાંથી છટકી જવાને સાક્ષાત્ શક્ર પણ શક્તિ-માન્ નથી, તો પછી તારૂં તે શું ગજું? જે સત્ય વાત હોય તે વિદિત કરવી એને જો તું આત્મશ્લાઘા માનતો હોય તો તારા જેવો મૂર્ખ કોણ? જો તું આજે યુદ્ધમાંથી ભાગી નહીં જાય, તો શંકરે જેમ કામદેવને બાળી નાખ્યો હતો, તેમ હું તને પૂરો કરીશ. મૃત્યુ તને ખેંચી લેવાને ઉતાવળ કરે છે. માટે સત્વર તૈયાર થા. હું ચેતાવ્યા વિના કદી પણ ઘા કરતો નથી. તામ્રધ્વજની વાણીથી અત્યંત કોપ પામી જેમ સિંહ સામે સિંહ ધસે, તેમ અનિરૂધ્ધ સામો ધસ્યો, અને ભાથામાંથી એક તીક્ષ્ણ બાણ કાઢી તામ્રધ્વજને લલાટ વિષે વિંધ્યો. આથી તે પલાશવૃક્ષ સરખો શોભવા લાગ્યો. મેરૂ પર્વત જેમ વાયુથી ડગે નહીં, તેમ તામ્રધ્વજ અનિરૂધ્ધના મારેલા બાણથી ડગ્યો નહીં. સર્પની પેઠે ફુત્કાર કરી તેણે અસંખ્ય બાણોની વૃષ્ટિ કરી, અનિરૂધ્ધને

ઢાંકી દીધો. અનેક અભ્રો ધસી આવવાથી, જેમ સૂર્ય દેખાય નહીં, તેમ અનિરૂધ્ધ દેખાતો બંધ પડયો. આથી સિંહની ગર્જના સાંભળી શિયાળવાં ચારે દિશામાં ભાગી જાય, તેમ તેના યોધ્ધાઓ ચારે દિશાએ ભાગવા લાગ્યા. શૂરવીર અનિરૂધ્ધ જરા પણ કંપ્યો નહીં વાયુ જેમ અભ્રને ઉડાવી દે, તેમ તેણે તામ્રધ્વજના ફેંકેલાં બાણો દૂર કર્યાં. પછી અત્યંત કોપ પામીને તે કહેવા લાગ્યો કે—ઉભો રહે ! ઉભો રહે ! હવે તારૂં આવી બન્યું છે. તું તારા ઈષ્ટ દેવનું સ્મરણ કરી લે, કારણકે અલ્પ સમયમાં હું તને યમ દ્વારમાં પહોંચાડી દઈશ. એમ કહી ચાર બાણો મારી તેણે તેના અશ્વનો નાશ કર્યો. પછી સર્પ જેવું ઝેરી બાણ કાઢી સારથિની છાતીમા મચું. આથી પવનથી જેમ વૃક્ષ અમળાઈને નીચે પડી જાય તેમ તે પડી ગયો. આથી સંતોષ ન પામતાં શિલા પર તીક્ષ્ણ કરેલાં બીજા અસંખ્ય બાણો કાઢી અનિરૂધ્ધે તામ્રધ્વજના યોદ્ધાઓને વીંધી નાંખ્યા. આથી રક્ષણ કરો ! રક્ષણ કરો ! આતો સાક્ષાત્ રૂદ્ર છે કે શું ? એમ કહી તેઓ ચારે દિશાએ ભાગવા લાગ્યા. પર્વતમાંથી નદી વહે, તેમ યોદ્ધાઓના શરીરમાથી રૂધિરની નદી વહેવા લાગી. કોપ પામેલો અનિરૂદ્ધ કેટલાએકના હસ્તો, કેટલાએકના પગો, કેટલાએકના દાંતો, કેટલાએકની છાતી, કેટલાએકની આંગળી, કેટલાએકની નાસિકા, કેટલાએકના હોઠો,

તથા કેટલાએકની જાંઘો કાપી નાખવા લાગ્યો. પ્રલય સમયે જેમ કાળ ઘૂમે, તેમ રણસંગ્રામમાં અનિરૂદ્ધ ઘૂમવા લાગ્યો. સૂર્ય સામે વધારે વખત જોઇ શકાય નહીં, તેમ કોઇ યોદ્ધો અનિરૂદ્ધ સામે ઉભો રહી શકતો નહોતો. અલ્પ સમયમાં અનિરૂદ્ધે તામ્રધ્વજની ત્રણ અક્ષોહિણી સેનાનો નાશ કર્યો. અનિરૂદ્ધ રૂપી અગ્નિ સામે જે કોઈ આવતા તે પતંગની પેઠે બળી ભસ્મ થતા હતા. આવી રીતે મોટું પરાક્રમ કરી, અનિરૂદ્ધે સિંહનાદ કર્યો. તેનું આવુ ઉત્તમ શૌર્ય જોઈ દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા તથા અપ્સરાઓ ગાન કરવા લાગી. અશ્વો તથા હસ્તીઓ પણ ત્રાસ પામી જ્યા નસાય ત્યાં નાસવા લાગ્યા. અનિરૂદ્ધે આવી રીતે સૈન્યમા ભંગાણ પાડ્યુ, તેથી નમુચિ સામે ઇંદ્ર આવે, તેમ તામ્રધ્વજ સામો આવ્યો, અને બોલ્યો હે વીર ! તારૂં આવું શૌર્ય જોઇ હું તને ધન્યવાદ આપું છું. તેં આજે જે કાર્ય કર્યુ છે, તે દેવતાથી પણ થઈ શકે એમ નથી મારા દેખતા તેં મોટા મોટા યોદ્ધાઓને ભૂમિ પર સુવાડી દીધા છે. કાળ જેમ અનેક પ્રાણીઓને ખાઈ જાય, તેમ તેં મારા શૂરવીર યોદ્ધાઓને યમ દ્વારમાં મોકલી દીધા છે પરંતુ હે અનિરૂદ્ધ ! હવે તું મારા હાથમાંથી બચવાનો નથી. ગરુડ જેમ સર્પને ખાઈ જાય, તેમ આજે તીક્ષ્ણ બાણ મારી તને હું પૂરો કરીશ. અર્જુન

અને શ્રીકૃષ્ણ તારૂં રક્ષણ કરશે તોપણ તું મારા હાથમાંથી બચી શકવાનો નથી. એમ કહી પ્રલય સમયે કોપેલા અગ્નિની પેઠે મહા ક્રોધ કરી, તામ્રધ્વજે અનેક તીક્ષ્ણ બાણો મારી સારથિને વીંધી નાખી તેને જમીન પર પાડી નાખી સિંહનાદ કર્યો. સ્મિત હાસ્ય કરી અનિરૂધ્ધ બોલ્યો–ધન્ય છે! ધન્ય છે! ઠીક પરાક્રમ દર્શાવ્યું, પરંતુ હવે મારૂં પરાક્રમ જો. એમ કહી ચાર બાણો મારી સારથીના
કાપી નાખી તેને નીચે પાડી અસખ્ય બાણો મારી તામ્રધ્વજના રથના ચૂરેચૂરા કરી નાખ્યા. આથી જેમ બે સાંઢ યુધ્ધ કરે, તેમ બન્ને વીરો પૃથ્વીપર ઉભા રહી યુધ્ધ કરવા લાગ્યા. પૂર્વે જેવું શંકર તથા અંધકાસુરનું યુદ્ધ થયું હતું તેવુંજ આ યુધ્ધ થવા લાગ્યું. બન્ને વીરો મહા બળવાન્ તથા પરસ્પર જીતવાની પ્રબલ આશાવાળા હતા. અનિરૂધ્ધે એક બાણ તામ્રધ્વજને માર્યું, પરંતુ તે બાણ તામ્રધ્વજે કાપી નાખ્યું. ત્યારે અત્યંત ખીજવાઈ જઈ અનિરૂદ્ધે શક્તિ ફેંકી તેને પણ તામ્રધ્વજે સાત બાણ મારી કાપી નાખી. પછી એક શિલાપર તીક્ષ્ણ કરેલું બાણ તેણે અનિરૂદ્ધની છાતીમાં માર્યું. આથી આકાશમાંથી જેમ તારો ખરી પડે, તેમ મૂર્છા ખાઇ અનિરૂદ્ધ પૃથ્વીપર પડી ગયો. પોતાના પુત્રને આવી રીતે મૂર્છિત થયેલો જોઇ ચાબુકના પ્રહારથી જેમ અશ્વ ઉછળે, તેમ ઉછળી પ્રદ્યુમ્ન બહાર આ-

ળ્યો, અને ક્રોધથી નીચે પ્રમાણે કહેવા લાગ્યો–"હે તામ્રધ્વજ! ઉભો રહે! ઉભો રહે! જેમ પોતાના નાશને માટે પતંગ દીપાગ્નિમાં ઝંપલાવે છે, જેમ પોતાના નાશને માટેજ કમલમાં ભ્રમર પેસે છે, પોતાના નાશને માટેજ મીન હુકને ખેંચે છે. પોતાની હાનિને માટેજ હસ્તી ગર્ત્તમાં પડે છે, પોતાના નાશને માટેજ હરિણરાગને વશ થઇ જાય છે, તેમ તેં પોતાના નાશને માટેજ અમારા અશ્વને ગ્રહણ કર્યો છે, પરંતુ યોગી જેમ અહંકારને તોડી પાડે, તેમ હે દુષ્ટ! તારો અહંકાર હું તોડી પાડીશ. કરોળીઆની જાળમાં ફસાયેલો મચ્છર શું બચી શકે છે? વ્યાઘ્રના મુખમાં આવેલો અજ શું નાસી શકે છે? સર્પે ગળેલો ઉંદર શું છટકી જવા પામે છે? માર્જારીએ પકડેલો પોપટ શું ઉગરી શકે છે? સૂતેલા સિંહને લાત મારી જગાડવો એ શું મૂર્ખતા નથી? પ્રદિપ્ત થયેલા અગ્નિપર હાથ મૂકવો એ શું અજ્ઞાનતા નથી? તરતાં આવડયા વિના સાગરમાં કૂદી પડવું એ શું મૂઢતા નથી? અજગરના મુખમાં પગ મૂકવો એ શું ડહાપણનું કામ છે? સૂર્યનાં કિરણો જેમ પૃથ્વીને તપાવે, તેમ મારા બાણો આજે તને તપાવશે. ઇદ્રે જેમ વૃત્રાસુરનો નાશ કર્યો હતો, તેમ હું આજે તારો નાશ કરીશ. પ્રદ્યુમ્નને આવી રીતે બોલતો સાંભળી સ્મિત હાસ્ય કરી તામ્રધ્વજ બોલ્યો–હે મૂર્ખ! તારા પુત્રને મેં હમણાંજ મૂર્છિત કર્યો છે તે શું તું જોતો નથી? હામો

ઠામ બકરા હોતા નથી, વ્યાઘ્ર પણ કોઈ સ્થલે હોય છે. ઠામોઠામ શિયાળવાં હોતાં નથી, સિંહ પણ કોઈ સ્થલે હોય છે. ચંદ્રનો પ્રકાશ જેણે જોયો નથી, તેજ તારાની પ્રશંસા કરે છે. જેમ કોઇ મૂર્ખ મનુષ્ય રેતીમાંથી તેલ કાઢવાની આશા રાખે છે, તેમ તું મને જીતવાની આશા રાખે છે. જેમ કોઇ નાનું બાળક સૂર્યને નીચે ખેંચી પાડવાની ઇચ્છા ધરાવે, તેમ તું મને જીતવાની ઇચ્છા ધરાવે છે. જેમ કોઈ વંધ્યા સ્ત્રી પુત્રની ઇચ્છા ધરાવે, તેમ તું મને જીતવાની ઇચ્છા ધરાવે છે. જેમ વામન પુરૂષ આમ્રફલની ઇચ્છા ધરાવે, તેમ તું મને જીતવાની ઇચ્છા ધરાવે છે. જેમ જન્માંધ સૂર્ય દર્શનની ઇચ્છા ધરાવે, તેમ તું મને જીતવાની ઇચ્છા ધરાવે છે, પરંતુ સુંઠનો સ્વાદ કેવો તીખો છે, તેતું હમણાંજ જોશે. એમ કહી પાંચ બાણો મારી તેણે પ્રદ્યમ્નને વીંધી નાખ્યો. હસ્તી સામે જેમ હસ્તી આવે, તેમ પ્રદ્યુમ્ન સામો આવ્યો, અને તેણે હજારો બાણો મારી તામ્રધ્વજને વીંધી નાખ્યો. પ્રદ્યમ્નના અનેક બાણોથી વીંધાઇ ગયેલો તામ્રધ્વજ જાણે લાલ રંગથી રંગાઈ ગયો હોય, એમ લાગતું હતું. વળી બીજાં અસંખ્ય બાણો મારી પ્રદ્યુમ્ને અનેક યોદ્ધાઓને કાપી નાખી, રૂધિરની નદી ચલાવી. યોદ્ધાઓના મસ્તકો તે જાણે કાચબા હોય, ધડો તે જાણે બેટ હોય, કેશો તે જાણે ઘાસ હોય, હાથો તે જાણે મકર હોય,

તથા અંગુલિ તે જાણે નાની નાની માછલી હોય, એમ લાગતું હતું. અગ્નિથી જેમ શીત ભાગી જાય, તેમ પ્રદ્યુમ્નના ત્રાસથી હાથીઓ ભાગવા લાગ્યા, અને તેઓ તામ્રધ્વજના યોદ્ધાઓને કચરી નાખવા લાગ્યા. જરા પણ થોભ્યા વિના પ્રદ્યુમ્ન બાણની વૃષ્ટિ કર્યેજ જતો હતો. યોદ્ધાઓ ગભરાટમાં બોલી ઉઠયા—મહારાજ તામ્રધ્વજ! રક્ષણ કરો! રક્ષણ કરો! આતો દૈત્યોનો નાશ કરનાર સાક્ષાત્ વિષ્ણુજ લાગે છે. તામ્રધ્વજ બોલ્યો હે વીરો ! યુદ્ધમાંથી ભાગી જવું એ-ક્ષત્રિયોનો ધર્મ નથી. ધીરજ ધરો. હમણાંજ હું મારાં તીક્ષ્ણ બાણોથી એને વીંધી પૃથ્વી પર સુવાડી દઉં છું. એમ કહી બાહુ ઠોકી દાંત કકડાવી, જમીન પર પગ ઠોકી, તથા લાલચોળ આંખ કરી, કાળ ભૈરવ જેવું રૂપ ધારણ કરી સાત બાણો મારી તેણે પ્રદ્યુમ્નના ધોળા ઘોડાને સારી પેઠે વીંધી પાડી નાખ્યા. પછી ભાથામાંથી એક તીક્ષ્ણ બાણ કાઢી. જાણે ચીભડું કાપી નાખતો હોય તેમ સારથિનું મસ્તક કાપી નાખ્યું. આટલેથી સંતોષ ન પામતાં બીજા દશ બાણો મારી તેણે પ્રદ્યુમ્નને વૃક્ષઃસ્થલ વિષે વીંધ્યો. સિંહ જેવા પરાક્રમવાળો પ્રદ્યમ્ન રથમાંથી કૂદી પડયો, અને પૃથ્વી પર ઉભા રહી તેણે એક શાક્ત તામ્રધ્વજપર ફેંકી, પરંતુ ચતુર તામ્રધ્વજે તે શક્તિ પોતાને પ્રાપ્ત થાય તે પહેલાં તેના કટકે કટકા કરી નાખ્યા. તેનું આવું નૈપુણ્ય જોઈ

પ્રદ્યુમ્ને એક ગદા ફેંકી, પરંતુ સાત બાણો મારી તામ્રધ્વજે તેને કાપી નાખી. પ્રદ્યુમ્ન આથી અત્યંત કોપ પામ્યો. તેણે હજારો બાણો મારી તામ્રધ્વનો રથ દૂર ઉડાવી દીધો, અને સિંહનાદ કર્યો. પ્રદ્યુમ્નનું આવું કૌશલ્ય જોઇ, અર્જુનના યોદ્ધાઓ વારંવાર ધન્યવાદ આપવા લાગ્યા. સિંહની ગર્જના સાંભળી મૃગો ભાગે, તેમ તામ્રધ્વજના યોદ્ધાઓ ભાગવા લાગ્યા. ગ્રીષ્મઋતુનો સૂર્ય જેમ પૃથ્વીને તપાવે છે, તેમ પ્રદ્યુમ્નના બાણોએ યોદ્ધાઓને તપાવી રણમાંથી ભગાડયા. તામ્રધ્વજ આ સહન કરી શકયો નહીં. તે આગળ આવી કહેવા લાગ્યો–હે વીર! આજે તેં અદ્ભુત પરાક્રમ દર્શાવ્યુ છે. તેં મારા અનેક યોદ્ધાઓને યમદ્વારમાં પહોંચાડી દીધા છે. ત્રિપુરાસુરનો નાશ કરનાર સાક્ષાત્ શંકર હોય અથવા મુરનો નાશ કરનાર શ્રી વિષ્ણુભગવાન્ હોય તેવો તું આ રણયજ્ઞમાં લાગે છે. પહાડને પણ ધ્રુજાવી નાખનાર મારા યોદ્ધાઓ આજે રણભૂમિમા પડ્યા છે. તારૂં આવું વીરત્વ જોઈ હુ તને વારંવાર ધન્યવાદ આપુ છું. હે વીર! હવે તું મારૂં પરાક્રમ જોજે. જો આજે તને મૂર્છિત ન કરૂ તો બ્રાહ્મણની હત્યા કરવાથી જે પાપ લાગે તે પાપ મને લાગજો. એમ કહી એક તીક્ષ્ણ બાણ કાઢી તેણે તાકીને પ્રદ્યુમ્નને માર્યું આથી કુઠારના પ્રહારથી જેમ વૃક્ષ પડી જાય, તેમ મૂર્છિત થઈ મહાબળવાન્ પ્રદ્યુમ્ન પડી ગયો. પ્રદ્યુમ્નને

મૂર્છિત થયેલો જોઇ કર્ણપુત્ર વૃષકેતુ જેમ વૃક્ષ ઉખેડી નાખવાને હસ્તી વેગથી ધસે, તેમ આગળ ધસ્યો અને બોલ્યો–"હે તામ્રધ્વજ! જ્ઞાની જેમ કામને જીતે તેમ આજે રણયજ્ઞમાં હું તને જીતી લઈશ. દેવતાઓ તથા મહર્ષિઓ આજે મારૂં અદ્‌ભુત પરાક્રમ જોશે. જયારે કીડીને પાંખ આવે છે, ત્યારે તે તરફડે છે, તેમ તારા અલ્પબલ પર વિશ્વાસ રાખી તુ મિથ્યા તરફડે છે. સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે, તેમ આજે હું તારી સેનાનો નાશ કરીશ. તેં વીર અનિરૂદ્ધ તથા મહા બળવાન પ્રદ્યુમ્નને મૂર્છિત કર્યા છે, તેથી તારે ફુલાઈ જવાનું નથી. એ બન્ને વીરોએ તારા અનેક યોદ્ધાઓને વાયુ જેમ તૃણને ઉડાવી છે, તેમ ઉડાવી દીધા છે. અસ્તોદય ચક્ર ફરતુંજ રહે છે. સૂર્ય સરખો પણ એમાથી બચી શકતો નથી તો પછી અન્યનું શું ગજું? સૂર્યનાં કિરણો જેમ જળનુ પાન કરે, તેમ મારાં તીક્ષ્ણ બાણો આજે તારૂં રૂધિર પીશે. સ્વર્ગમાં કિંવા પાતાળમાં ઘૂસી જશે તો ત્યાંથી હું તને પકડી યમદ્વારામાં મોકલી દઈશ. મયૂર જેમ સર્પને પકડે, તેમ તને પકડી પૂરો કરીશ. તારી સ્ત્રી આજે વિધવા થઇ રૂદન કર્યા વિના રહેશે નહીં. તારા વિયોગથી આજે તારો પિતા મયૂરધ્વજ શોકના સાગરમાં ડૂબી જશે. કદી સર્પના મુખમાં આવેલો દેડકો છટકી જાય, પરંતુ મારા હાથમાંથી તું છટકી શકવાનો

નથી. તામ્રધ્વજ બોલ્યો હે વીર ! બહુ બોલે તે શું કરવાનો છે ? ભસતો કુતરો શું કરડશે ? અને ગાજેલો મેઘ શું વૃષ્ટિ કરશે ? સાહસ કર્મ એ આપત્તિનું મૂલ છે, તેનો કાંઈ પણ વિચાર કર્યા વિના જેમ પોતાના નાશને માટેજ પક્ષી પારધીની જાળમાંજ ઘૂસે, તેમ તું આજે સામો આવ્યો છે. ‘ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ ’ એ કહેવત અસત્ય નથી. જ્યારે મનુષ્યનો કાળ પાસે આવે છે, ત્યારે તેના ઉત્તમ ગુણો સૂર્યથી જેમ ઝાકળ નાશ પામે, તેમ નાશ પામે છે. અવિચાર એ દુઃખનું પ્રથમ પગથિયું છે. સર્પના મુખમાં ગયેલો દેડકો જેમ માખીને પકડવાની આશા રાખે છે, તેમ કાળના મુખમાં ઘૂસી ગયેલો એવો જે તું તે મને જીતી લેવાની આશા ધરાવે છે, પરંતુ જેમ અપંગ મનુષ્ય સિંધુ તરવાને અશકત છે, તેમ તું મને જીતવાને અસમર્થ છે. તામ્રધ્વજને આવી રીતે બોલતો સાંભળી પ્રલયના વાયુની પેઠે કોપ પામી વૃષકેતુએ કર્ણ પર્યંત ધનુષ ખેંચી સાત તીક્ષ્ણ બાણો મારી, તામ્રધ્વજને વીંધી નાંખ્યો. આથી તે કિંશુકની પેઠે શોભવા લાગ્યો. વળી બીજાં આઠ બાણો મારી શંખ સરખા શ્વેત અશ્વોનો નાશ કર્યો, તથા નારાચ નામના એક બાણુથી તેણે સારથિને વિંધી તામ્રધ્વજને વિરથ કર્યો. તામ્રધ્વજની આવી દશા જોઇ પ્રધાન બહુલધ્વજ આગળ ધસી આવ્યો, અને સાત બાણો

મારી તેણે વૃષકેતુને વિંધી નાખ્યો. વૃષકેતુ આ સહન કરી શક્યો નહીં. તેણે ચૌદ બાણો મારી બહુલધ્વજના ઘોડાઓનો નાશ કર્યો, સર્પ જેવું એક ઝેરી બાણ કાઢી કુંડળ સહિત સારથિનું મસ્તક ઉડાવી દીધું, અને પાંચ બાણ મારી બહુલધ્વજને સારી પેઠે વીંધ્યો. આથી અત્યંત ગભરાઈ જેમ કોઈ ભીરૂ પુરુષ શૂરવીરને જોઈ ભાગી જાય, તેમ બહુલધ્વજ ભાગ્યો. તેને ભાગેલો જોઈ બકરાંઓનાં ટોળાંમાં જેમ વ્યાઘ્ર ઘૂસે, તેમ વૃષકેતુ તામ્રધ્વજની. સેનામાં ઘૂસ્યો. તેણે હજારો રથોના ચૂરેચૂરા કરી નાખ્યા. અનેક હસ્તીઓને જમીન પર સુવાડી દીધા. બળદો, ઉંટો તથા અશ્વોનો ઘાણ કાઢી નાખ્યો, અને હજારો યોદ્ધાઓના હસ્તીની સુંઢ સરખા હસ્તોને આકાશમાં ઉડાવી દીધા. સેંકડો યોદ્ધાઓને જમીન પર સુવાડી પ્રાણીને ખેંચતા યમ સરખું વિકરાળ સ્વરૂપ ધારણ કરી વૃષકેતુ બોલ્યો—તામ્રધ્વજ ક્યાં ગયો ? હવે કેમ દેખાતો નથી ? હે ભીરૂ ! તું રણયજ્ઞમાંથી ક્યાં ભાગી ગયો છે? તારૂં પરાક્રમ ક્યાં ગયું? તારા કરતાં સ્ત્રીઓ પણ સારી હોય છે. અરે તું યુદ્ધમાં શા માટે ઉતર્યો ? હે મૂર્ખ ! અશ્વનું હરણ કરતાં તને જરા પણ વિચાર ન આવ્યો ? અરે તું તો સ્ત્રીઓનાં ટોળામાં બેસી રહેવા લાયક છે. મારા જેવા શૂરવીર પુરુષ સાથે તારે યુદ્ધમાં ઉતરવું નહીં. વૃષકેતુ આવી રીતે બોલતો

હતો, એવામાં તામ્રધ્વજ બીજા રથમાં બેસી આવ્યો, અને કહેવા લાગ્યો–હે મૂર્ખ ! હું રણયજ્ઞમાંથી ભાગી ગયો નથી. સ્ત્રીઓમાં બેસવાને તો તુંજ લાયક છે. તારો પિતા જેમ મિથ્યા લવારો કરતો હતો, તેમ તું પણ મિથ્યા લવારો કરે છે અલ્પ પરાક્રમથી તું ફુલાઈ ગયો છે, પરંતુ મારાં ઝેરી બાણોનો સ્વાદ ચાખશે, ત્યારે તારૂં પરાક્રમ આકાશની સહેલ કરવા જશે. એમ કહી પચીસ બાણો નાખી તેણે વૃષકેતુને વિંધી નાખ્યો. વૃષકેતુએ અસંખ્ય બાણો મારી તામ્રધ્વાજના ઘોડા, ધ્વજ, તથા પૈડાંનો નાશ કરી તેને પુનઃ વિરથ કરી મોટો સિંહનાદ કર્યો. વીર વૃષકેતુએ તામ્રધ્વજના અનેક રથોને ઉડાવી દીધા. આથી અત્યંત સંતોષ પામી બળવાન્ તામ્રધ્વજ બોલ્યો–હે વૃષકેતુ ! આજે તું કાળની પેઠે રણમાં ઘૂમે છે. તારૂં આવું પરાક્રમ જોઈ મને ઘણો આનંદ થાય છે. શત્રુની પણ યોગ્ય પ્રશંસા કરવી એ વીરપુરુષનું વીરત્વ છે, અને તેથીજ હું તારી પ્રશંસા કરૂં છું, પરંતુ જો આ એક બાણથી હું તને મૂર્છિત ના કરૂં તો વિશ્વાસઘાત કરવાથી જે પાપ લાગે, તે પાપ મને લાગજો. એમ કહી એક મહા ઝેરી બાણ કાઢી તાકીને તેણે વક્ષઃસ્થલમાં માર્યું. આથી સિંહના પ્રહારથી જેમ હસ્તી પડી જાય, તેમ વૃષકેતુ મૂર્છિત થઈ જમીન પર પડયો. વીર વૃષકેતુને મૂર્છિત થઈ

ભૂમિ પર પડેલો જોઈ ચંદ્ર સામે જેમ રાહુ ધસે, તેમ દૈત્યરાજ અનુશાલ્વ ધસ્યો. દાંત કકડાવી, હોઠ દબાવી, ચરણ પ્રહારથી પૃથ્વી ધ્રુજાવી, તથા આંખ લાલચોળ કરીને તે બોલ્યો–હે મૂર્ખ ! ઉભો રહે ! ઉભો રહે ! ધર્મ જેમ અધર્મનો નાશ કરે છે, તેમ આજે હું તારો નાશ કરીશ. વાયુથી જેમ તૃણ ચારે દિશામાં ભમે, તેમ આજે મારાં તીક્ષ્ણ બાણોથી તું ભમીશ. આજે તારૂં રક્ષણ કરવા શંકર, વિષ્ણુ, બ્રહ્મા, ઇંદ્ર, વરૂણ, કાર્તિકેય, ગણપતિ કે યમ આવશે, તોપણ હું તને છોડનાર નથી. કદી પદ્મમાં કઠિનતા આવે, સૂર્યમાં અંધકાર આવે, જ્ઞાનીમાં અજ્ઞાન આવે, ઉત્તમ આમ્રફળમાં કટુતા આવે, તો પણ તું આજે મારા આ મજબૂત હાથમાંથી છૂટી શકવાનો નથી. તારી સ્ત્રીને આજે વૈધવ્ય પ્રાપ્ત થયુંજ સમજજે. આજે તારો વૃદ્ધ પિતા રૂદનની નદી ચલાવી પૃથ્વીને ભીંજવી દેશે. મંડૂક જેમ સર્પને જીતવા સમર્થ નથી, તેમ તું મને જીતવાને સમર્થ નથી. હું ચાહું તો મેરૂને ઉપાડી લાવું, સાગરને શોષી નાખું, વૈકુંઠને ઢાળી પાડું, કૈલાસને ઉપાડી લાવું, શેષને ધ્રુજાવી નાખું, ઈંદ્રને ઇંદ્રપુરીમાંથી ભ્રષ્ટ કરૂં, તથા કુબેરને અલકાપુરીમાંથી ભગાડું, તો પછી તારા જેવા છોકરાને પૂરો કરવો એમાં તે શી મોટી વાત છે ? તામ્રધ્વજ હસી ને બોલ્યો–હે દૈત્યરાજ ! કાંઈ પણ પરાક્રમ દર્શાવ્યા વિના

આમ મિથ્યા લવારો કરવો એ તારા જેવા મૂર્ખનું કર્તવ્ય છે. કૂપ મંડૂક આખી સૃષ્ટિ કૂપમાંજ માને છે, પરંતુ જ્યારે તે સાગરને જુએ છે, ત્યારે તે આશ્ચર્ય પામ્યા વિના રહેતો નથી. કંટકમાંથી કંટકનીજ ઉત્પત્તિ થાય, તેમ તું દૈત્ય કૂળમાં ઉત્પન્ન થયો છે, એટલે તારામાં આવી મૂર્ખતા હોય એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી, જેમ કોઇ મૂર્ખ બાળક ચિત્રના ચંદ્રને સાચો ચંદ્ર માની તેને પકડવા જાય, તેમ મિથ્યા કલ્પનાના ઘોડા દોડાવી તું મને જીતવાની આશા રાખે છે, પરંતુ રેતીમાંથી તેલની પ્રાપ્તિ થતી નથી, તેમ તું તારી મિથ્યા ધારણામાં કદી પણ ફલીભૂત થવાનો નથી.

દીપક જ્યારે બુઝાઇ જવાનો હોય છે, ત્યારે તે વધારે ભભુકો મારે છે, સૂર્ય જ્યારે અસ્ત પામવાનો હોય છે, ત્યારે તે વધારે મોટો દેખાય છે, તેમજ મૃત્યુ જ્યારે સમીપ આવેછે, ત્યારે મૂર્ખ મિથ્યા લવારો કરે છે. હે દૈત્યરાજ! ઇંદ્રે જેમ બલનો નાશ કર્યો હતો. તેમ આજે હું તારો નાશ કરીશ. કદી પલાંડુમાં સુગંધ આવે, શશકને શૃંગની પ્રાપ્તિ થાય, વંધ્યાને પુત્રની પ્રાપ્તિ થાય, અભાવથી ભાવની ઉત્પતિ થાય, પરંતુ હું તને આજે છોડનાર નથી. તામ્રધ્વજને આવી રીતે બોલતો સાંભળી અત્યંત ક્રોધમાં આવી જઇ ભલ્લ નામનું એક તીક્ષ્ણ બાણ મારી, દૈત્યરાજ અનુ-

શાલ્વે તામ્રધ્વજના ધનુષની દોરી કાપી નાખી. તામ્રધ્વજે બીજી દોરી ચઢાવી, તેને પણ અનુશાલ્વે કાપી નાખી. તામ્રધ્વજ જેટલી દોરી ચઢાવતો હતો, તેને મહાબળવાન્ અનુશાલ્વ કાપી નાખતો હતો. આથી અનુશાલ્વની પ્રશંસા કરી વીર તામ્રધ્વજે એક મોટુ ધનુષ ગ્રહણ કર્યું, અને એક તીક્ષ્ણ બાણ લઈ કાન પર્યંત ધનુષ ખેંચી તાકીને અનુશાલ્વની છાતીમાં માર્યું. આથી પુણ્ય ક્ષીણ થવાથી જેમ કોઈ સ્વર્ગમાંથી પડે તેમ મૂર્છિત થઇ અનુશાલ્વ રથમાં પડી ગયો. તેને આવી રીતે મૂર્છિત થયેલો જોઈ અર્જુનના સૈન્યમાં ભંગાણ પડયું.

થોડી વારમાં અનુશાલ્વ સાવધ થયો, અને ઉભો રહે! ઉભો રહે! હવે તું કયાં જવાનો છે? એમ કહી રથમાંથી કૂદી પડયો. એક મોટું વૃક્ષ ઉપાડી તેણે તે તામ્રધ્વજ ઉપર નાખ્યું, પરંતુ અનેક બાણો મારી તામ્રધ્વજે તેના તલ તલ જેટલા કટકા કરી નાખ્યા. આથી અત્યંત ખીજવાઈને વિજળી જેવી એક ચળકતી શક્તિ અનુશાલ્વે હાથમાં લીધી અને હવે તારૂં આવી બન્યું છે એમ કહી વેગથી તેણે તામ્રધ્વજ પર ફેંકી, પરંતુ પોતાને પ્રાપ્ત થાય તે પહેલાં તો તામ્રધ્વજે તેને કાપી નાખી મોટો સિંહનાદ કર્યો. દૈત્ય-રાજ અનુશાલ્વ આ સહન કરી શકયો નહીં, અને તેથી તેણે એક સાંગ મારી, પરંતુ તેના પણ વીર તામ્રધ્વજે તલ

તલ જેટલા કટકા કરી નાખ્યા. આથી એક ભોગળ લઈ અનુશાલ્વ દોડયો, અને જેવો મારવા જાય છે તેવામાં તો ચતુર તામ્રધ્વજે તાકીને સાત બાણો મારી તે ભોગળના કટકે કટકા કરી નાખ્યા. દૈત્યરાજ પ્રાસ, મુદ્ગર, વગેરે મારવા લાગ્યો, પરંતુ તામ્રધ્વજ પોતાની ચાલાકીથી કાપી નાખતો હતો. દૈત્યરાજ જ્યારે ધર્મયુદ્ધમાં ફાવી શકયો નહીં, ત્યારે તેણે મોટી માયા રચી. આકાશમાં એકદમ મોટું અંધારૂં. થઈ આવ્યું. ચપળા ચમકવા લાગી, અને મેઘની વૃષ્ટિ થવા લાગી હજારો દૈત્યો હાથમાં હથિયાર ધારણ કરી તામ્રધ્વજ સામે દોડી આવ્યા. ભયંકર વ્યાઘ્રો ખાઉં ખાઉં કરતા દોડી આવ્યા. મોટા મોટા સર્પો ફુત્કાર કરતા તામ્રધ્વજ પર ધસી આવ્યા. આકાશમાંથી પાષાણની વૃષ્ટિ થવા લાગી. તામ્રધ્વજના અનેક યોદ્ધાઓનો ઘાણ નીકળી ગયો. રક્ષણ કરો ! રક્ષણ કરો ! એમ કહી તેઓ દોડવા લાગ્યા, પરંતુ દૈત્યની વિચિત્ર માયાને લીધે તેઓને દિશા સૂઝતી નહોતી, અને તેથી માંહોમાંહે અથડાઈ, કૂટાઈ, અફળાઈ, મરણ પામવા લાગ્યા. મોટા મોટા હસ્તીઓ સુંઢ ઉંચી કરી ભાગવા લાગ્યા. પોતાના સૈન્યની આવી દશા જોઇ તામ્રધ્વજે નારાયણાસ્ત્ર મારી દૈત્યની માયાનો નાશ કરી નાખ્યો. પુનઃ આકાશ નિર્મળ થયું, તથા દિશા સૂઝવા લાગી. પછી અત્યંત કોપ પામી નારાચ નામનું મહા તીક્ષ્ણ બાણ ગ્રહણ કરી તેણે

દૈત્યરાજના લલાટમાં માર્યું. આથી ધરતી કંપથી જેમ ગૃહ પડી જાય, તેમ દૈત્યરાજ મૂર્છિત થઇ પડી ગયો. અનુશાલ્વને આવી રીતે મૂર્છિત થયેલો જોઈ મહાબાહુ યૌવનાશ્વ આગળ આવ્યો, અને બોલ્યો–હે તામ્રધ્વજ ! ધારી ન શકાય એવું તારૂં પરાક્રમ જોઇ મને ઘણો આનંદ થયો છે, પરંતુ શશકને જેમ શ્વાન હણે, તેમ આજે હું તને હણીશ. વિષયી મનુષ્ય જેમ જ્ઞાન માર્ગથી પાછો હઠે, તેમ આજે તને પાછો હઠાવીશ વિદ્વાનોની સભામાં મૂર્ખ જેમ હાંસીને પાત્ર થાય, તેમ તું આજે હાંસીને પાત્ર થશે. સૂર્યોદયથી જેમ ખદ્યોતનું તેજ દબાઇ જાયછે, તેમ મારા શૌર્ય આગળ તારૂં શૌર્ય દબાઈ જશે. રાખોડીમાં હોમેલું ઘી જેમ વ્યર્થ જાય છે, તેમ આજે તારાં બાણો વ્યર્થ જશે. મહારાજા યુધિષ્ઠિરના અશ્વને તેં ગ્રહણ કર્યો છે, પરંતુ એ તારી અજ્ઞાનતાનુજ પરિણામ છે. જેમ નકુલ પાસે ગયેલો સર્પ બચી શકે નહીં, તેમ તું આજે બચી શકશે નહીં. જેમ નિર્ધન મનુષ્યના મનોરથની સિદ્ધિ થતી નથી, તેમ તારા મનોરથની સિદ્ધિ થશે નહીં. ચ્યંડલ મનુષ્ય જેમ શૂરવીર પુરુષ સામે ટકી શકે નહીં, તેમ તું આજે મારી સામે ટકી શકવાનો નથી. મારૂં નામ યૌવનાશ્વ છે. યૌવનાશ્વને આવી રીતે બોલતો સાંભળી સ્મિત હાસ્ય કરી તામ્રધ્વજ બોલ્યો-હે યૌવનાશ્વ ! અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન,

વૃષકેતુ, તથા અનુશાલ્વને મૂર્છિત કરી પાડી નાખ્યા તે શું જોતો નથી? હે મિથ્યા અભિમાની! સૂર્ય આગળ રાત્રિનો અંધકાર ટકી શકે નહીં, તેમ આજે તું મારી સામે ટકી શકવાનો નથી. જે આશા રૂપી વેલી તેં તારા હૃદય ઉપવનમાં વાવી છે, તેને હું જડમૂલથી ઉખેડી નાખીશ. તારા મનરૂપી વનમાં રમણ કરતા તર્કના કુરંગને સિંહરૂપ ધારણ કરી નષ્ટ કરીશ. હે ભ્રષ્ટ મતિવાળા! આજે હું તને અત્યંત કષ્ટ આપીશ. તારી સ્રીઓ અષ્ટજામ રૂદન કરશે. આમ્રફળની આશાથી જેમ કોઈ બાવળ વાવે, તેમ મને જીતવાની આશાથી તેં હર્ષના વૃક્ષને મન ઉપવનમાં સ્થલ આપ્યું છે, પરંતુ તારા અવિચારી કૃત્યને માટે તને પૂર્ણ પશ્ચાત્તાપની પ્રાપ્તિ થયા વિના રહેશે નહીં. એમ કહી ક્ષેત્ર પર જેમ તીડ તૂટી પડે, તેમ તે યૌવનાશ્વ પર તૂટી પડયો. અને પચીસ બાણો મારી તેને સારી પેઠે વિંધ્યો. ચરણ પ્રહારને જેમ નાગ સહન કરી શકે નહીં, તેમ યૌવનાશ્વ તામ્રધ્વજને સહન કરી શકયો નહીં. તે પણ પૂર્ણ ક્રોધમાં આવી ગયો. સર્પ જેવાં સો ઝેરી બાણો તેણે તામ્રધ્વજ ઉપર નાખી તેને વિંધી નાખી સિંહનાદ કર્યો. વળી બીજાં ચાર બાણો મારી ને તેણે તામ્રધ્વજના અશ્વોને યમલોકમાં મોકલી દીધા. એક બાણ મારી સારથિનું મસ્તક ઉડાવી દીધું, એક બાણથી ધ્વજાને કાપી નાખી, તથા બીજા અસંખ્ય બાણોથી

તામ્રધ્વજના રથના કટકે કટકા કરી નાખ્યા. પછી બકરાંના વાડામાં જેમ વ્યાઘ્ર ઘૂસે, તેમ યૌવનાશ્વ તામ્રધ્વજની સેનામાં ઘૂસ્યો. યૌવનાશ્વની સામે હજાર ઘોડેસ્વારો ધસી આવ્યા, પરંતુ અનેક બાણોની વૃષ્ટિ કરી યૌવનાશ્વે તેઓનો નાશ કર્યો. સૂર્ય ઉપર અનેક વાદળાં ધસી આવે, તેમ અનેક યોદ્ધાઓ યૌવનાશ્વપર ધસી આવ્યા, પરંતુ હજારો શિયાળથી જેમ સિંહ ગભરાય નહીં, તેમ યૌવનાશ્વ ગભરાયો નહીં. તેણે લાખો ને કરોડો બાણો મારી અનેક યોદ્ધાઓને યમદ્વારમાં મોકલી દીધા. આતો પ્રલય કાળનો અગ્નિ છે કે શું ? એમ કહી યોદ્ધાઓ ચારે દિશામાં ભાગવા લાગ્યા. કીડી જેમ પર્વતનું પતન, તથા કદલિ જેમ કુહારનો પ્રહાર સહન કરી શકે નહીં, તેમ યૌવનાશ્વનાં ઝેરી બાણો તામ્રધ્વજના યોદ્ધાઓ સહન કરી શકયા નહીં. પોતાની સેનાની આવી કઢંગી સ્થિતિ જોઇ, તામ્રધ્વજ એક બીજા રથમાં બેસી યૌવનાશ્વર સામે આવ્યો અને બોલ્યો—હે વીર ! તને વૃત્રાસુરને હણનાર ઇંદ્રની ઉપમા આપું તો તે ચાલી શકે એમ છે. તું વૃદ્ધ છે છતાં તેં આજે મોટું પરાક્રમ દર્શાવ્યું છે. તેં મારા અનેક યોદ્ધાઓને હણી લોહીની નદી ચલાવી છે, તેમાં વીરોના મસ્તકો, દાંત, હાથ, પગ કેશ, વગેરે તણાઇ જાય છે. વાયુના પ્રહારથી જેમ વૃક્ષના પાંદડાં ધ્રુજે છે, તેમ તારાં બાણોથી

મારા યોદ્ધાઓ થર થર ધ્રુજે છે. પરંતુ હે શૂરવીર યૌવનાશ્વ! હવે તારૂં આવી બન્યું સમજજે. આ એક બાણુથી તને મૂર્છિત ના કરૂં તો પરસ્ત્રીગમનથી જે પાપની પ્રાપ્તિ થાય, તે પાપની મને પ્રાપ્તિ થજો. આમ કહી શિલા પર ઘસેલું એક તીક્ષ્ણ બાણ કાઢીને તેણે યૌવનાશ્વના લલાટમાં માર્યું. આથી યૌવનાશ્વ મૂર્છિત થઈ રથમાં પડી ગયો. તેની આવી દશા જોઈ તેનો સારથિ તેને રણુસંગ્રામમાંથી દૂર લઈ ગયો. યૌવનાશ્વની આવી દશા જોઈ કૌરવોનો ઘાણ કાઢનાર અર્જુનનો શિષ્ય સાત્યકિ શિયાળનું ટોળું જોઇ સિંહ ગુફામાંથી બહાર નિકળે, તેમ આગળ આવી કહેવા લાગ્યો—હે તામ્રધ્વજ! વેદાંતનું સારા રીતે જ્ઞાન સંપાદન કર્યા વિના મિથ્યા લવારો કરનાર જેમ હાંસીને પાત્ર થાય છે, તેમ તું આજે હાંસીને પાત્ર થશે. જળો જેમ રૂધિરને પીએ છે, તેમ આજે મારાં તીક્ષ્ણ બાણો તારૂં રૂધિર પીશે હસ્તી કમલને પગ કળે છુંદી નાખે છે, તેમ આજે હું તને છુંદી નાખીશ. મારા ગુરુ અર્જુનનું પ્રિય કરવા માટે સૂર્ય જેમ. તુષાર બિંદુનો નાશ કરે છે, તેમ આજે તારા યોદ્ધાઓને નસાડીશ. વ્યાઘ્રની ગર્જના સાંભળી જેમ ગાયો ભાગી જાય, તેમ આજે તારા યોદ્ધાઓ રણુમાંથી ભાગી જશે. હે નીચ! પરિણામનો વિચાર કર્યા વિના જે મનુષ્ય કા નો આરંભ કરે છે, તે મહત્ પશ્ચાત્તાપને

પ્રાપ્ત થયા વિના રહેતો નથી. શિવે જેમ કામદેવને બાળી નાખ્યો હતો, તેમ હું આજે તને બાળી નાખીશ. માર્જાર જેમ મૂષકને હણે, તેમ આજે હું તને હણીશ એ ખાત્રીથી માનજે. પક્ષીને પકડી પારધી જેમ તેનો નાશ કરે છે, તેમ આજે હું તારો નાશ કરીશ. તું આ સાત્યકને ઓળખે છે કે? તામ્રધ્વજ બોલ્યો–હા! હા! ભૂરિશ્રવાને હાથે પુષ્કળ માર ખાનાર સાત્યકિને હું ઓળખું છું. હે વીર! આ કાંઇ કૌરવોનું સૈન્ય નથી. તારો ગર્વ આજે હું તોડી પાડીશ. મોટા વૃક્ષનો પ્રહાર ખમવાને જેમ શશક અશક્ત છે, તેમ તું મારાં તીક્ષ્ણ બાણો ખમવાને અશક્ત છે. કાદવમાં દબાઈ ગયેલો ઘરડો હાથી જેમ બહાર નિકળી શકે નહીં, તેમ આજે તું મારા હાથમાંથી જીવતો જવાનો નથી. હે અભિમાની! વિષ્ણુએ જેમ મધુ દૈત્યનો નાશ કર્યો હતો, તેમ હું તારો આજે નાશ કરીશ. કોપેલો અગ્નિ જેમ વનને બાળી નાખે, તેમ હું આજે તને બાળીનાખીશ. સૂર્ય આગળ જેમ ચંદ્ર ફીકો પડી જાય, તેમ આ વીર તામ્રધ્વજ આગળ તું ફીકો પડી જશે. ભૂરિશ્રવાએ જે સમયે તને ઘસડયો, તે સમયે તારૂં પરાક્રમ કયાં ગયું હતું? સાત્યકિ તામ્રધ્વજનું બોલવું સહન કરી શકયો નહીં. તેણે દશ બાણો મારી તામ્રધ્વજને સારી પેઠે વિંધ્યો. તામ્રધ્વજે પણ સાત બાણો મારી સાત્યકિને વિંધી સિંહનાદ

કર્યો. સાત્યકિએ એક સર્પ જેવું ઝેરી બાણુ લીધું, અને તે તામ્રધ્વજના વક્ષઃસ્થલમાં માર્યું. આથી પવનના પ્રહારથી જેમ આમ્રવૃક્ષ પરથી આમ્રફલ પડે, તેમ તામ્રધ્વજ મૂર્છિત થઈ રથમાં પડી ગયો. •સાત્યકિ આટલેથી સંતોષ પામ્યો નહીં. તેણે અસંખ્ય બાણો મારી તામ્રધ્વજના યોદ્ધાઓને ગભરાવી મૂકયા. કેટલાએક હસ્તીઓને ઉડાવી દીધા. અનેક ઘોડાઓને જમીન પર સુવાડી દીધા, તથા પાયદળ તથા ઘોડેસ્વાર લશ્કરનો ઘાણુ કાઢી નાખ્યો. જે વીર સામે આવતો, તેને સાત્યકિ અગ્નિ જેમ તુલને બાળી નાખે, તેમ બાળી નાખતો હતો. અનેક વીર પુરુષોને પૃથ્વી ઘર સુવાડી દીધા. કેટલાએકના હાથમાં ધનુષ રહી ગયા હતાં કેટલા-એકના હાથમાં અસિ રહી ગઈ હતી. કેટલાએક ગદા લઇનેજ પડયા હતા. કેટલાએકના હાથમાં ભાલા રહી ગયા હતા. કેટલાએક સાંગ લઇને પડયા હતા. કેટલાએક શક્તિ લઇને પડયા હતા. કેટલાએકનાં કુંડળવાળાં મસ્તકો ભૂમિ પર પડયાં હતાં, અને તેથી જાણે અનેક ચંદ્રો ભૂમિ પર આવ્યા હોય એવો ભાસ ઉત્પન્ન થતો હતો. ભૂત પિશાચ વગેરે ત્યાં ભમતાં હતાં. તેઓ ખોપરી ફોડી ફોડીને માંસ ખાતાં હતાં. યુદ્ધભૂમિ જાણે બીજી કાલ રાત્રિ હોયની એવું લાગતું હતું. સાત્યકિનાં બાણોથી તામ્રધ્વજના યોદ્ધાઓની ઘણીજ દયામણી સ્થિતિ થઈ ગઇ હતી. તેઓ રક્ષણ કરો ! રક્ષણ

કરો ! આ કાંઇ સાત્યકિ નથી, પરંતુ એતો જગત્‌નો સંહાર કરનાર રૂદ્ર છે એમ કહી ભાગતા હતા. કેટલાએકના હાથ ભાંગી ગયા, કેટલાએકના પગ ભાંગી ગયા, તથા કેટલાએકનાં મસ્તકો ફૂટી ગયાં. પ્રધાન, બહુલધ્વજ કહેવા લાગ્યો હે વીરો! તમે શા માટે ભાગી જાઓ છો? સંગ્રામમાંથી ભાગી જવું એ ક્ષત્રિયનો ધર્મ નથી. આપત્તિ એ અનુભવની શાળા છે, તેનું તમને કેમ વિસ્મરણ થયું છે? મહારાજા તામ્રધ્વજ મૂર્છિત થયા છે, તે હમણાં સાવધ થશે. તમે ધૈર્ય ધરી પાછા આવો. પ્રધાન બહુલધ્વજ યોદ્ધાઓને બહુ વારતો હતો છતાં તેઓ પાછા વળતા ન હોતા. થોડી વારમાં તામ્રધ્વજ સાવધ થયો. તેણે આસપાસ નજર કરી જોયું તો સાત્યકિનાં બાણોથી વિંધાઈ પૃથ્વીપર પડેલા અનેક વીર પુરુષો જોયા. જેઓ બાકી રહ્યા હતા, તેઓને પણ ભાગતા જોઈ મહાવીર તામ્રધ્વજ બોલ્યો–ધન્ય છે ! સાત્યકિ ધન્ય છે ! તેં એકલાએ મારા અનેક યોદ્ધાઓને યમસદનમાં મોકલી દીધા છે. તારી સામે નજર કરવાને મારો કોઈ પણ યોદ્ધો સમર્થ થતો નથી, એજ તારૂં વીરત્વ સિદ્ધ કરે છે, આજે તેં અદ્‌ભુત શૌર્ય દર્શાવ્યું છે, એમાં કાંઇ પણ સંશય નથી. વૃક્ષની ડાળી જેમ પવનના પ્રહારથી ધ્રુજે છે, તેમ તારા પ્રહારથી મારા યોદ્ધાઓ ધ્રુજે છે, પણ હવે જો તું રણમાંથી ભાગી નહીં જાય, તો હું તને પૃથ્વીપર સુવાડી

દઈશ. વજ્રથી ઇંદ્ર જેમ પર્વતને તોડી પાડે, તેમ હું તને તોડી પાડીશ. આજે શ્રી કૃષ્ણ તથા અર્જુન મારૂં પરાક્રમ જોશે. સાત્યકિ બોલ્યો–હે વીર! એકવાર તને મૂર્છિત કરી પાડી નાખ્યો છતાં "હાર્યો જુગારી બમણું રમે" એ કહેવત પ્રમાણે તું પુનઃસામો આવ્યો છે, તો જોઈ લે. એમ કહી અસંખ્ય બાણો મારી સાત્યકિએ તામ્રધ્વજને વીંધી નાંખ્યો. આથી પર્વતમાંથી જેમ ગંગા નદી નિકળે છે, તેમ તામ્રધ્વજના શરીરમાંથી રૂધિરની નદી વહેવા લાગી. ખેડુત જેમ અનેક બીને ખેતરમાં નાખે, તેમ તામ્રધ્વજે અનેક બાણો નાખી સાત્યકિને સારી પેઠે વીંધ્યો. આટલેથી સંતોષ ન પામતાં વીર તામ્રધ્વજે એક ઝેરી બાણ ધનુષમાં સાધી તાકીને સાત્યકિના લલાટમાં માર્યું. આથી જેમ ગર્વને લીધે યયાતિ સ્વર્ગમાંથી પડી ગયો હતો, તેમ મૂર્છિંત થઇ સાત્યકિ પડી ગયો. સાત્યકિને મૂર્છિંત થયેલો જોઇ રાફડામાંથી જેમ નાગ બહાર નિકળે છે, તેમ વીર બભ્રુવાહન બહાર આવ્યો, અને બોલ્યો,–હે દુષ્ટ! વિવેકી પુરુષ જેમ ક્રોધને દબાવી દે, તેમ હું આજે તને દબાવી દઈશ. જે ઉત્સાહનો અંકુર તારા હૃદય ઉપવનમાં ફૂટયો છે, તેને હું છિન્નભિન્ન કરી નાખીશ. તારો અવિવેક જોઇ મારા મનરૂપી વનમાં ક્રોધરૂપી સિંહ ગર્જના કરવા લાગ્યો છે. હે નીચ! જેમ કોઈ મલ્લ નિર્બળ મનુષ્યને જમીનપર પટકી

નાખે, તેમ આજે હું તને રણમાં રોળી નાખીશ. સારાસારનો લગાર પણ વિચાર કર્યા વિના તેં અમારા અશ્વને બાંધ્યો છે. પરંતુ સર્પનું વિષ કેવું ઝેરી હોય છે, તેની હવે તને યથાર્થ જાણ થશે. જેમ કોઈ નાનું બકરૂં ભૂલથી વ્યાઘ્રની ગુફામાં ઘૂસે, તેમ તું મૂર્ખતાથી અશ્વને બાંધી સામો થયો છે, પરંતુ સૂર્ય જેમ તારાનું તેજ દાબી દેછે, તેમ હું તને દાબી દઇશ. કદી જ્ઞાની પરસ્ત્રીગમન કરે, સૂર્યમાં અંધારૂં આવે, માલતીમાં દુર્ગંધ આવે, તથા અગ્નિમાં શીતલતા આવે, તો પણ હું તને છોડીશ નહીં. શ્રીરામચંદ્રે જેમ રાવણનો ગર્વ તોડી પાડયો હતો, તેમ આજે હું તારો ગર્વ તોડી પાડીશ. તામ્રધ્વજ બોલ્યો—"હે બભ્રુવાહન આ કાંઈ અર્જુન નથી, પરંતુ આતો મહાત્મા મયૂરધ્વજનો પુત્ર તામ્રધ્વજ છે. કાંઈ પણ પરાક્રમ કર્યા વિના જેમ ગાંડો માણસ ગમે તેમ મિથ્યા લવારો કરે, તેમ મિથ્યા લવારો કરવાથી કયા ફલની પ્રાપ્તિ થવાની છે? તારા જેવા હજારો બભ્રુવાહન પેદા થાય તેઓને પહોંચી વળવા આ તામ્રધ્વજ સમર્થ છે, તો પછી તારા એકલાનો શો ભાર? જેણે સૂર્ય ના જોયો હોય તે ખદ્યોત તને વખાણે છે, જેણે કલ્પવૃક્ષનાં દર્શન ના કર્યાં હોય તેજ અન્ય વૃક્ષની પ્રશંસા કરે છે, જેણે અશ્વ ના જોયો હોય તે ગર્દભને ધન્યવાદ આપે છે, જેણે માલતીનો સુગંધ ના લીધો હોય

તેજ અન્ય પુષ્પોને વખાણે છે, જેણે સિંહને ના જોયો હોય તેજ શિયાળને વધાવી લે છે, જેણે ગંગા ના જોઇ હોય તેજ બીજી નદીની પ્રશંસા કરે છે,

જેણે પકવાન્નો સ્વાદ ના ચાખ્યો હોય તેજ રોટલાને સારા કહે છે, જેણે રત્ન ના જોયું હોય તેજ કોડીને ઉત્તમ ગણે છે, જેણે વિષ્ણુનું બળ જાણ્યું ના હોય તેજ અન્ય દેવતાને બળવાન્ ગણે છે, જેણે ચંદ્ર ના જોયો હોય તેજ તારાને શ્રેષ્ઠ કહે છે, તથા જેણે બ્રહ્મ વિદ્યા ના જાણી હોય તેજ અન્ય વિદ્યાની પ્રશંસા કરે છે. પોતાનો દોષ પોતાને ના લાગે એ સ્વાભાવિક છે. પિતાનુ મસ્તક ઉડાવનાર પાપી બભ્રુવાહન! તું શું મોઢું લઇ મારી સામે ઉભો છે? પિતૃવધ જેવું બીજું કયું પાપ છે? પિતાનું વાક્ય સત્ય-કરવાને મહાત્મા રામે રાજ્યનો ત્યાગ કરી ચૌદ વર્ષને વનવાસ લીધો હતો તે શું તું જાણુનો નહોતો? પુત્ર એ પિતાનું સ્વરૂપ છે, માટે તે પિતાની સામે કેવી રીતે થઇ શકે? હે બભ્રુવાહન! ચકલાને ઉપાડી જતાં બાજ પક્ષીને જેમ વાર લાગતી નથી, તેમ તને પૂરો કરતાં વાર લાગશે નહીં. દૈવી સંપત્તિ જેમ આસુરી સંપત્તિનો નાશ કરે, તેમ હું તારો નાશ કરીશ. તામ્રધ્વજને આવી રીતે બોલતો સાંભળી વીર બભ્રુવાહને ધનુષ ઉપાડી અનેક બાણો તામ્રધ્વજ પર ફેંકયાં. તે કયારે બાણુ લે છે, ને કયારે મારે

છે, તે કોઈ જાણી શકતું નહોતું. તામ્રધ્વજને સારી રીતે વિંધી બીજાં અસંખ્ય બાણો મારી અભ્ર જેમ તારાને ઢાંકી દે છે, તેમ વીર બભ્રુવાહને તામ્રધ્વજના યોદ્ધાઓને ઢાંકી દીધા. મદમસ્ત હસ્તી જેમ માર્ગમાં આવતા વૃક્ષોને સુંઢથી પકડી દૂર ઉડાવી દે, તેમ બભ્રુવાહન અનેક યોદ્ધાઓને ઉડાવી દેતો હતો. બભ્રુવાહને જાણે કાલનું સ્વરૂપ ધારણ કર્યું હોય એવું લાગતું હતું. તેણે ' અનેક હાથીઓને ભૂમિ શરણ કરી દીધા, તથા કેટલાએક ઘોડેસ્વારોને યમસદનમાં મોકલી દીધા. વ્યાઘ્રની ગર્જના સાંભળી અજા કંપે, તેમ બભ્રુવાહનને જોઇ તામ્રધ્વજના યોદ્ધાઓ કંપતા હતા. નૃસિંહનું ભયંકર સ્વરૂપ જોવાને જેમ દેવતાઓ અશક્ત થયા હતા, તેમ બભ્રુવાહનનું ઉગ્ર સ્વરૂપ જોવાને તામ્રધ્વજના યોદ્ધાઓ અશક્ત થયા હતા. ખેડુત જેમ બાજરીને કાપે, તેમ બભ્રુવાહન અનેક યોદ્ધાઓને કાપી નાખતો હતો. તેણે લોહીની મોટી નદી ચલાવી. જે નદીમાં અનેક ધડો ઘસડાઈ જવાં લાગ્યાં. કેટલાએકના મુકુટો પડી ગયા હતા, કેટલાએકના દાંત નિકળી પડ્યા હતા, કેટલાએકની પાઘડી દૂર ઉડી ગઇ હતી, કેટલાએકના હાથ ઘસડાતા હતા, કેટલાએકના પગ ખેંચાઈ જતા હતા; કેટલાએકના હાથમાં શક્તિ રહી ગઈ હતી, કેટલાએકના હાથમાં ગદા રહી ગઈ હતી, તથા કેટલાએક રથમાંજ પડી

ગયા હતા. તામ્રધ્વજ બભ્રુવાહનનું આવું પરાક્રમ જોઈ આશ્ચર્ય પામ્યો. તેને અત્યંત ક્રોધ વ્યાપ્યો, તેણે એક તીક્ષ્ણ બાણ લીધું, અને બોલ્યો હે-વીર બભ્રુવાહન! આ બાણથી જો હું તને મૂર્છિત ના કરૂં તો ગૌહત્યા કરવાથી જે પાપની પ્રાપ્તિ થાય છે, તે પાપની પ્રાપ્તિ મને થજો. એમ કહી જમીનપર પગ ઠોકી, હાથ મસળી, દાંત કકડાવી, હોઠ દબાવી, ધનુષ ચઢાવી, તેણે તે બાણ બભ્રુવાહનપર ફેંક્યું. આથી ઇંદ્રજીતના બાણથી જેમ લક્ષ્મણ મૂર્છિત થઇ પડી ગયા હતા, તેમ વીર બભ્રુવાહન મૂર્છિત થઇ પડી ગયો. તેણે પહેરેલી મોતીની માળા તૂટી ગઈ. મોતીઓ જમીનપર વેરાઇ ગયાં. જાણે પર્ણપરથી જળબિંદુ ખરતાં હોયની એવો ભાસ ઉત્પન્ન થયો. બભ્રુવાહનને આવી રીતે મૂર્છિત થયેલો જોઇ કંસ સામે જેમ કૃષ્ણ ધસે, તેમ અર્જુન તામ્રધ્વજ તરફ ધસ્યો, અને ક્રોધથી બોલ્યો—જ્યારે કીડીને પાંખ આવે છે ત્યારે તે તરફડીઆં મારે છે, એમાં સંશય નથી. જેમ કોઇ બકરીનું બચ્ચું વાઘને ખીજવે, તેમ આજે તેં મને ખીજવ્યો છે, પરંતુ તારા અવિચારી કૃત્યનો બદલો આપ્યા વિના હું રહેનાર નથી. આજ તેજ અર્જુન છે કે જેણે નિવાત કવચનો ઘાણ કાઢી નાખ્યો છે. આજ તેજ અર્જુન છે કે જેણે સાક્ષાત્ શંકરને યુદ્ધથી પ્રસન્ન કર્યા છે. આજ તેજ અર્જુન છે કે જેણે વિરાટનગરમાં એકલાએ

અનેક યોદ્ધાઓને જીતી લીધા હતા. આજ તેજ અર્જુન છે કે જેણે ભગદત્ત, જયદ્રથ, ભીષ્મ, કર્ણ, દ્રોણ વગેરે સમર્થ યોદ્ધાઓનો પરાજય કર્યો છે.

જેમ કોઈ દેડકો સર્પને જીતવાની આશા રાખે, તેમ તું મને જીતવાની આશા રાખે છે, પરંતુ તારી એ આશા આકાશ કુસુમવત્ મિથ્યા છે. જ્યારે મનુષ્યની પડતી આવે છે, ત્યારે અવશ્ય તેની બુદ્ધિ વિપરીત થઈ જાય છે હે દુષ્ટ ! મૂર્ખ મનુષ્ય રત્નને કોડી બરાબર ગણે છે, હીરાને પણ કાચ માને છે, કલ્પવૃક્ષને બાવળની ઉપમા આપે છે, તથા સિંહને શિયાળ બરાબર ગણે છે. જેમ કાગડો નરકને ચુંથે છે, તેમ મૂર્ખ મનુષ્ય અધમતામાં સુખની કલ્પના કરે છે. પોતાના મુખમાંથી લોહી નિકળે છે, છતાં શ્વાન અસ્થિમાં તેની કલ્પના કરે છે, તેમ અવિચારથી પોતાની હાનિ થાય છે, છતાં મૂર્ખ મનુષ્ય તેમાં સુખની કલ્પના કરે છે. અવિચારના સોપાનપર ચઢી જનાર હે મૂર્ખ તામ્રધ્વજ ! કાલ જેમ પશુને હણે, તેમ આજે હું તને હણીશ, માટે તું તારા ઈષ્ટદેવનું સ્મરણ કરી લે. અર્જુનને આવી રીતે બોલતો સાંભળી તામ્રધ્વજ બોલ્યો– હે વીર અર્જુન ! હું તને સારી રીતે ઓળખું છું. ચંદ્ર બિચારો તારાઓમાંજ પ્રકાશે છે, પરંતુ સૂર્ય આગળ તે ફીકો પડી ગયા વિના રહેતો નથી. આ કાંઈ ભીષ્મ, દ્રોણ,

કે કર્યું નથી, પરંતુ આતો શ્રીકૃષ્ણના પરમભકત મયૂરધ્વજનો શૂરવીર પુત્ર તામ્રધ્વજ છે. જો તારા અનેક યોદ્ધાઓને આજે મેં રણસંગ્રામમાં મૂછિંત કર્યા છે. અત્યાર સૂધી તું કયાં છૂપાઈ રહ્યો હતો ? ભલે તું સામે આવ્યો. હું તારીજ રાહ જોતો હતો. આજે સ્વર્ગના દેવતાઓ, દેવર્ષિઓ, તથા મહર્ષિઓ, મારૂ અદ્ભુત પરાક્રમ જોશે. આજે રામ અને રાવણ જેવું તારૂં અને મારૂં યુદ્ધ થશે એમાં સંશય નથી, હે અર્જુન ! પવન વૃક્ષને ધ્રુજાવે છે, પરંતુ શું મેરૂને ધ્રુજાવી શકે છે ? મદોન્મત્ત હસ્તી વૃક્ષને ઉખેડી કાઢે છે, પરંતુ શું સિંહ આગળ તે ટકી શકે છે ? પિત્તળ કરતાં રજત શ્રેષ્ઠ મનાય છે, પરંતુ શું સુવર્ણ આગળ તેનો હિસાબ છે ? મેઘનાદે ઈંદ્રને જીત્યો, પરંતુ શું તે લક્ષ્મણ આગળ ટકી શકયો ? પારધી જેમ જાળ નાખી પક્ષીને ફસાવે, તેમ આજે અનેક બાણો મારી હું તને ફસાવીશ. એમ કહી અનેક બાણો અર્જુન ઉપર નાખી તામ્રધ્વજે સિંહનાદ કર્યો. પ્રતાપી વીર અર્જુન આ સહન કરી શકયો નહીં. તેણે નવ બાણો મારી તામ્રધ્વજને વિંધી નાખ્યો. પછી એક સર્પ જેવું ઝેરીબાણ ભાથામાંથી કાઢયું, અને તાકીને તામ્રધ્વજના વક્ષઃસ્થલમાં માર્યું. આથી પવનથી જેમ તાલવૃક્ષ પડી જાય, તેમ મહાશૂરો તામ્રધ્વજ રથમાં પડી ગયો. અર્જુનનું આવું પરાક્રમ જોઈ તેના

યોદ્ધાઓ તેને વારંવાર ધન્યવાદ આપવા લાગ્યા, તથા શ્રીકૃષ્ણે પણ આનંદમાં આવી જઇ પાંચજન્ય શંખ જોરથી વગાડયો. આથી તામ્રધ્વજના યોદ્ધાઓ વાયુથી જેમ કદલિ પત્ર ધ્રુજે, તેમ થરથર ધ્રુજવા લાગ્યા. ઘોડા તથા હસ્તીઓ મલમૂત્રનો ત્યાગ કરવા લાગ્યા.

અર્જુને પોતાનો દેવદત્ત નામનો શંખ વગાડયો, અને જેમ ઉંદરના દરમાં સર્પ ઘૂસે, તેમ તામ્રધ્વજની સેનામાં ઘૂસ્યો, અને વીણી વીણીને યોદ્ધાઓને મારવા લાગ્યો. તે કયારે બાણ લે છે, અને કયારે મારે છે તે કોઈપણ જાણી શકતું નહોતું. જેમ મસ્ત હસ્તી સુંઢમાંથી પાણી ઉડાવે, તેમ વીર અર્જુન બાણોની વૃષ્ટિ કરતો હતો. તેણે કેટલાએકના પગ ભાંગી નાંખ્યા, કેટલાએકના મુકુટો ઉડાવી દીધા, કેટલાએકના હસ્તો કાપી નાખ્યા, કેટલાએકના ધડોને આકાશમાં ઉડાવી દીધાં, કેટલાએકના મસ્તકોના ચૂરેચૂરા કરી નાખ્યા, કેટલાએકને લાત મારી ફેંકી દીધા, કેટલાએકને બે ત્રણ કોશ દૂર ઉડાવી દીધા, કેટલાએકના દાંત પાડી નાખ્યા તથા કેટલાએકને અસ્ત્ર મૂકી બાળી નાખ્યા. તામ્રધ્વજ બચાવો! બચાવો! આ અર્જુન નથી, પરંતુ આતો અર્જુનનું રૂપ ધારણ કરી કાલજ આવ્યો છે, એમ કહી યોદ્ધાઓ ભાગવા લાગ્યા. તામ્રધ્વજની સેનાની આ વખતે ઘણીજ દયામણી સ્થિતિ થઈ ગઇ હતી. તામ્રધ્વજ મૂર્છામાંથી

સાવધ થયો. તેણે આસપાસ નજર કરી જોયું તો રૂધિરની મોટી નદી વહેતી દીઠી, જેની અંદર પોતાના હજારો યોદ્ધાઓને તણાતા દીઠા. તામ્રધ્વજની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. મહાશ્રમે મનને સ્થિર કરી તે બોલ્યો—હે અર્જુન ! તારા સિવાય આવું મોટું કર્મ કરવા બીજો કયો વીર સમર્થ છે ? તૃણને જેમ અગ્નિ બાળી નાખે, તેમ તેં મારા હજારો યોદ્ધાઓને હણ્યા છે, પરંતુ હવે તું પણ મારૂં પરાક્રમ જો. એમ કહી મોટું ધનુષ ઉઠાવી, અનેક બાણો મારી અર્જુનને સારી પેઠે વિંધી, સિંહનાદ કર્યો. મેઘ જેમ અનેક ધારાથી પૃથ્વીને ભીંજવી નાખે, તેમ અર્જુને અનેક બાણો મારી તામ્રધ્વજને વિંધી નાખ્યો. આથી તેના શરીરમાંથી રૂધિરની નદી ચાલવા લાગી. બીજાં સો બાણો મારી અર્જુને તામ્રધ્વજના રથના કટકે કટકા કરી નાખ્યા અને પુનઃશંખનાદ કર્યો. તામ્રધ્વજ તરતજ બીજા રથમાં ચઢી બેઠો અને બોલ્યો ઉભો રહે ! હવે તારૂં આવીજ બન્યું છે. આજે તને પણ અશ્વ સાથે બાંધી નગરમાં લઇ જઇશ. આ તામ્રધ્વજ તે એક તામ્રધ્વજજ છે. અર્જુન બોલ્યો—હે ગર્વાંધ ! પરાજય પામ્યા છતાં મિથ્યા બકવાદનો ત્યાગ કરતો નથી, એ શું તારી મૂર્ખતા નથી ? જો આ તારા હજારો યોદ્ધાઓને મેં યમદ્વારમાં મોકલી દીધા છે, અને તને પણ હમણાંજ મોકલી દઉં છું. એમ કહી પુનઃતેણે તામ્રધ્વજના રથના

કટકે કટકા કરી નાખ્યા. તામ્રધ્વજ જે જે રથમાં બેસતો હતો, તે તે રથને વીર અર્જુન ઉડાવી દેતો હતો. આવી રીતે તેણે તામ્રધ્વજના એક હજાર રથ ઉડાવી દીધા. તામ્રધ્વજ આથી જરા પણ ગભરાયો નહીં. તે પુનઃ બીજા રથમાં બેસી આવ્યો, અને અર્જુન ઉપર તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. એક તીક્ષ્ણ બાણે વીર તામ્રધ્વજે અર્જુનનો રથ જરા પાછો હઠાવ્યો, અને અનેક બાણો મારી અર્જુનના યોદ્ધાઓને કાપી નાખી સિંહનાદ કર્યો. અર્જુને નારાચ નામના બાણથી તામ્રધ્વજનો રથ આકાશમાં ઉડાવી દીધો, પરંતુ વીર તામ્રધ્વજ પુનઃ આવીને ઉભો રહ્યો. તે બન્ને વીરોમાંથી કોઈ પાછો હઠે એમ નહોતું. જેમ બે સિંહ પરસ્પર યુદ્ધ કરે, તેમ અર્જુન તથા તામ્રધ્વજ યુદ્ધ કરતા હતા. અર્જુન અને તામ્રધ્વજનું આવું યુદ્ધ જોઈ દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. આવું ભયંકર યુદ્ધ જોઇ સર્વભૂત પ્રાણીને મહાભયની પ્રાપ્તિ થઈ. સાત દિવસ સુધી બે વીરોમાંથી કોઇ પાછો હઠયો નહીં. તામ્રધ્વજનું આવું ગાંભીર્ય જોઈ અર્જુને શ્રીકૃષ્ણને પૂછયું કે હે અચ્યુત! મેં અનેક યોદ્ધાઓને હણ્યા છે, છતાં આ તામ્રધ્વજ મારી સામે ટકી રહ્યો છે, તેનું શું કારણ છે? શ્રીકૃષ્ણ બોલ્યા- હે અર્જુન! એનો પિતા મયૂરધ્વજ મારા ઉપર પૂર્ણ ભક્તિ રાખે છે, અને તેને લીધે તેને આવો બળવાન્ પુત્ર

આમ થયો છે, હાલ એ જીતી શકાય એમ નથી. માટે તું હમણાં યુદ્ધ કરવું રહેવા દે. એને પિતા કેવો દૃઢ ભક્તિ વાળો છે તે હું તને અલ્પ સમયમાં બતાવીશ. શ્રીકૃષ્ણની સલાહથી અર્જુને તામ્રધ્વજ જોડે યુદ્ધ કરવું મૂકી દીધું. યદ્યપિ તે જરા પણ પાછો હઠે એવો નહોતો, તદપિ મયૂરધ્વજની ભક્તિ જોવા માટેજ તામ્રધ્વજને છોડી ચાલ્યો ગયો. અર્જુનને ચાલ્યો ગયેલો જોઈ તામ્રધ્વજે ઉછળી સિંહનાદ કર્યો. અને બહુલધ્વજ પ્રત્યે બોલ્યો કેમ પ્રધાનજી ! આજે મારૂં પરાક્રમ જોયું ? જુઓ ! મારાંતીક્ષ્ણ બાણોથી મેં અનિરૂદ્ધ પ્રદ્યુમ્ન, અનુશાલ્વ, વૃષકેતુ, વગેરેને મૂર્છિત કરી દીધા છે. અર્જુન પણ મને જીત્યા વગર ચાલ્યો ગયો છે. બહુ-લધ્વજ બોલ્યો–હે વીર તામ્રધ્વજ ! તમારૂં આવું અદ્‌ભુત બલ જોઇ હું હર્ષના સાગરમાં ડૂબી ગયો છું. આવું પરાક્રમ તારકાસુર સામે કાર્તિકેયે તથા મુર સામે વિષ્ણુ એ પણ નહોતું દર્શાવ્યું. વિદ્યુત જેમ વૃક્ષને બાળી નાખે, તેમ તમે હજારો યોદ્ધાઓને બાળી નાખ્યા છે. આપના જેવું પરાક્રમ સાક્ષાત્ શંકર સિવાય કોઈ પણ દર્શાવી શકે એમ નથી. તામ્રધ્વજ બોલ્યો–સત્ય છે. અંતે ધર્મનો જય થાય છે. ચાલો હવે આ અશ્વ લઈ પિતા મયૂરધ્વજ પાસે જઇએ. એમ કહી અવશેષ રહેલા યોદ્ધાઓને લઇ તે જ્યાં મયૂરધ્વજ બેઠો હતો ત્યાં આવ્યો, અને ગણપાત જેમ

શંકરને નમન કરે, તેમ નમન કરી ઉભો રહ્યો. બીજા અશ્વ સાથે પોતાના પુત્રને પાછો આવેલો દેખી મયૂરધ્વજ આશ્ચર્યના સાગરમાં પડી ગયો. તે પૂછવા લાગ્યો–હે પુત્ર, તું આ બીજો અશ્વ કેનો લાવ્યો છે? તું ઝડપથી પાછો કેમ આવ્યો છે? તે મને સત્વર કહે. તામ્રધ્વજ બોલ્યો હે! પૂજ્ય તાત! અર્જુનના વડીલ બધુ યુધિષ્ઠિર અશ્વમેધ નામનો યજ્ઞ કરે છે, તેથી તેણે આ ઘોડો છૂટો મૂકયો છે. એ ઘોડાનું રક્ષણ અર્જુન શ્રીકૃષ્ણ સહિત કરતો હતો. અર્જુનનો ગર્વ ઉતારવા મે આ અશ્વને બાંધ્યો, તેથી માર્ગમાં ભયંકર યુદ્ધ થયું. વ ઠેલો વાયુ જેમ અનેક વૃક્ષોને પૃથ્વીપર સુવાડે છે, તેમ મેં અનેક યોદ્ધાઓને પૃથ્વીપર સુવાડયા છે. પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, અનુશાલ્વ, વૃષકેતુ, વગેરે સમર્થ યોદ્ધાઓને પણ મેં મૂર્છિત કરી દીધા છે. અર્જુન જોડે મારે ભયંકર યુદ્ધ થયું. હે પિતાજી! તે યુધ્ધ સાત દિવસ ચાલ્યું. અંતે મને જીત્યા વગર અર્જુન ચાલ્યો ગયો, તેથી આ અશ્વને લઈ હું અત્રે આવ્યો છું. હે પિતાજી! પ્રલય સમયે રુદ્ર જેમ પ્રજાનો સહાર કરે છે, તેમ મેં મોટો સંહાર કર્યો છે. યદ્યપિ આપણા પણ ઘણા યોધ્ધાઓ માર્યા ગયા છે, તદપિ આપના પ્રતાપથી આપનો આ રંક સેવક અંતે વિજયી નિવડયો છે. હનુમાને જેમ લંકાને બાળી નાખી હતી, તેમ મેં પાંડવોની મોટી સેનાને

દિવ્ય અસ્ત્રથી બાળી નાખી છે. પોતાના પુત્રની આવી રીતની વાણી સાંભળી મયૂરધ્વજ બોલ્યો–અહો ! હું જાણતો હતો કે તું મહા બુદ્ધિશાળી છે, પરંતુ મારી મોટી ભૂલ આજ સ્પષ્ટ જણાઈ આવી. હે મૂર્ખ ! શ્રીકૃષ્ણ નારાયણનો અવતાર છે,તથા અર્જુન નરનો અવતાર છે. એ બન્ને મહાત્માઓને મૂકી દઇ તું આ અશ્વ લાવ્યો એ તારી અજ્ઞાનતાનુંજ પરિણામ છે. પિતાના અંગો અંગમાંથી પુત્ર ઉત્પન્ન થાય છે, અને તેથી પિતાના ગુણો પુત્રમાં આવે છે, એમ શાસ્ત્ર ડંકો વગાડી કહે છે. તું મારો પુત્ર છે તેથી મારા જેવીજ ભક્તિ તારામાં છે એમ હું ખાત્રીથી માનતો હતો. પરંતુ મારી ધારણા કેવલ અસત્ય નીવડી છે. જેમ કોઈ રત્ન છોડી કોડી ગ્રહણ કરે, કલ્પવૃક્ષનો ત્યાગ કરી બાવળને ઉંચકી લાવે, કામધેનુને મૂકી દઇ અજાપાળે, ગંગાને છોડી દઇ કૂવાનું પાણી લઈ આવે, સાગરને છોડી ખાબોચિયાને માન આપે, માલતીનો ત્યાગ કરી કંટક ગ્રહણ કરે, પકવાન્નને છોડી દઇ ઘેંસ ઉકાળી પીએ, આમ્રફળનો ત્યાગ કરી કટુફળ પાસે રાખે, શંકર તથા વિષ્ણુની ઉપાસના છોડી ભૂતપ્રેતની ઉપાસના કરે, સુગંધને છોડી દુર્ગંધને માન આપે, ચિંતામણિનો ત્યાગ કરી કાચ ગ્રહણ કરે, પારસમણિને છોડીને પાષાણ ઉંચકી લે, તથા કમલને મૂકી કાદવ ગ્રહણ કરે, તેમ મહાત્મા શ્રીકૃષ્ણને છોડી તું આ અશ્વ લાવ્યો

છે. અહો ! જે શ્રીકૃષ્ણનું મોટા મોટા યોગીઓ પણ ધ્યાન ધરે છે, જે મહા પ્રભુ ભક્તના મનોરથ કલ્પતરૂની પેઠે પૂરા પડે છે, ધર્મનું સંસ્થાપન કરવાને વારંવાર અવતાર ધારણ કરી નિજ ભક્તોનું રક્ષણ કરે છે, શ્રુતિ સ્મૃતિ ઇતિહાસ પુરાણમાં જેમના ગુણો વારંવાર ગવાય છે, જેમનો પાર સાક્ષાત્ બ્રહ્મા પણ પામી શકતા નથી, જેમની નિર્મલ ભક્તિ વિકટ ભવાબ્ધિથી રક્ષણ કરે છે, તથા સહસ્ર રસના છતાં શેષ નાગ જેનો પાર પામવાને અશક્ત છે, તે શ્રીકૃષ્ણને છોડી તારા સિવાય બીજો કોણ આ અશ્વને લઈ મારી પાસે આવે ? અહો ! પ્રભુની માયા મહા બળવાન્ છે. નારદ, વિશ્વામિત્ર, શૃંગી પરાશર, વગેરે સમર્થ ઋષિઓ એ માયાના ગુલામો બન્યા છે, તો પછી તારૂં શું ગજું? ધ્રુવ, પ્રલ્હાદ, અજામિલ, અંબરીષ વગેરે જે પ્રભુની ભક્તિથી સંસારસાગર તરી ગયાછે, તે પ્રભુને મૂકી તું આ અશ્વ લાવ્યો તેથી અવશ્ય તેં મોટી મૂર્ખતા વાપરી છે. હે મંદબુદ્ધિ ! તારી ઇચ્છામાં આવે ત્યાં તું આ અશ્વને લઇ જા. હું તો જ્યાં મહા પ્રભુ શ્રી કૃષ્ણ તથા અર્જુન બિરાજે છે, ત્યાં જઈશ. તારૂં મુખ જોવા હું રાજી નથી. તામ્રધ્વજ બોલ્યો–હે તાત ! ક્ષમા કરો. આવી રીતે અર્જુનની સેનાનો પરાજય કર્યો, તેથી આપ મને ધન્યવાદ આપશો એમ હું જાણતો હતો. શ્રી કૃષ્ણના દિવ્ય પ્રભાવથી હું અજ્ઞ હતો, અને તેથી

હું આપની પાસે વારંવાર ક્ષમા યાચું છું. સૂર્યમાં પ્રકાશ રહ્યો છે, ચંદ્રમા શીતલતા રહેલી છે, કમલમાં કોમલતા રહેલી છે, રત્નમાં ચળકાટ રહેલો છે, મેરૂમાં સ્થિરતા રહેલી છે, આમ્રફળમાં મીઠાશ રહેલી છે, માલતીમાં સુગંધ રહેલો છે, તથા ચિંતામણિમાં ઇચ્છિત વસ્તુ આપવાની શક્તિ રહેલી છે, તેમ આપના જેવા મહાત્મામાં અનુદિન ક્ષમા રહેલી છે. કાંઈ પણ ઉત્તર આપ્યા વિના મયૂરધ્વજ પોતાની પત્ની પાસે ચાલ્યો ગયો. તામ્રધ્વજ અશ્વને લઈ ચાલ્યો ગયો, ત્યાર પછી અર્જુન બોલ્યો–હે શ્રી કૃષ્ણ ! અશ્વને લઈ તામ્રધ્વજ કયાં ગયો છે? એનું શૌર્ય જોઇ હું આશ્ચર્ય પામું છું. આ રણસંગ્રામમાં આજે એણે જે બલ દર્શાવ્યું છે, તેવું બલ સાક્ષાત્ ઈંદ્ર પણ દર્શાવી શકે એમ નથી. એનું ગાંભીર્ય તો સાગરને પણ જીતી જાય છે, તથા એની સ્થિરતા આગળ મેરૂ પણ હિસાબમાં નથી. જુઓ! આ અનેક યોદ્ધાઓ વીર તામ્રધ્વજનાં તીક્ષ્ણ બાણોથી વિંધાઇ જઈ પૃથ્વીપર પડયા છે. અવશ્ય તામ્રધ્વજ તે એક તામ્રધ્વજજ છે.

શ્રી કૃષ્ણ બોલ્યા–અશ્વને લઇ વીર તામ્રધ્વજ પિતા પાસે ગયો છે. તું જે તામ્રધ્વજની પ્રશંસા કરે છે તે યથાર્થ છે. આજે હું તને એના પિતા મયૂરધ્વજની ઉત્તમ ભક્તિ બતાવીશ. જ્યારે તું મયૂરધ્વજની દૃઢતા જોશે, ત્યારે તું આશ્ચર્ય પામ્યા વિના રહેશે નહીં. આકાશમાં રહેલા અનેક

તારાઓને કોઈ ગણી શકે, પરંતુ મયૂરધ્વજના ગુણોને કોઈ ગણી શકે એમ નથી. આ આપણા વીર પુરૂષોને અત્રે રહેવા દે, તથા તું મારી સાથે ચાલ. બહુ સારૂં એમ કહી અર્જુન શ્રી કૃષ્ણ સાથે ચાલવા લાગ્યો. શ્રી કૃષ્ણ તથા અર્જુન રત્નપુર પાસે આવી પહોંચ્યા. રત્નપુરને જોઇ અર્જુન બોલ્યો–હે શ્રી કૃષ્ણ! જાણે શિવની કૈલાસપુરી હોય, વિષ્ણુની વૈકુંઠપુરી હોય, કુબેરની અલકાપુરી હોય, નાગની ભોગવતી હોય, તથા રાવણની લંકા નગરી હોય, તેવું આ રત્નપુર શોભે છે. આ ઉંચા મહેલો જાણે આકાશ સાથે વાત કરવા જતા હોય એમ લાગે છે. આ સુંદર ચિત્રો જાણે હમણાં બોલશે એમ લાગે છે. વિશ્વકર્માએ જાણે પોતેજ આપુરની રચના કરી હોય એમ લાગે છે. કદી બ્રહ્મા કવિ થાય, તોપણ આ પુરનું યથાર્થ વર્ણન કરી શકે નહીં. આ જલથી ભરપૂર સરોવર જુઓ. જેમ કોઈ કામી પુરુષ પોતાની સ્ત્રી પાસે જાય, તેમ મકરંદના લાલચુ ભ્રમરો કમલમાં પેસી પુષ્કળ મકરંદ ચૂસે છે. અહો! જે ભ્રમરો કાષ્ઠને કાચી નાખે છે, તે ભ્રમરો કમલમાં બંધન પામે છે, એ શું પ્રેમનું પૂર્ણ પ્રાબલ્ય નથી? હે શ્રીકૃષ્ણ! આ સરોવર જાણે કામ દેવનું દર્પણ હોય એમ લાગે છે. જુઓ પેલી કમલિની નિજ પતિ સામું જોઇ રહી છે. અહો! જડ વસ્તુને પણ પ્રેમ આવી રીતે આકર્ષે છે, તો પછી ચેત

આશ્ચર્ય ! સરોવરની આસપાસ આવેલા વૃક્ષો જાણે સરોવરનું રક્ષણ કરતા હોય એમ લાગે છે. વૃક્ષો પરથી પુષ્પો ખરી પડે છે, તેથી જાણે આ સુંદર સરોવરની પૂજા કરતા હોયની એવો ભાસ ઉત્પન્ન થાય છે. વળી સાંભળો ! સાંભળો ! આ દ્વિજોના ગૃહોમાં વેદના ઘોષ સંભળાય છે. વળી આ ઉપવનતો જુઓ. જેમ સ્તન ભારથી કોઈ સ્ત્રી નમી જાય, તેમ વાયુના પ્રહારથી આ કદલિ નમી ગઈ છે. વળી જુઓ! પ્રેમના આવેશમાં કોઈ યુવાન સ્ત્રી પોતાના પતિને બાઝી પડે, તેમ પેલી નમેલી ખીલેલી ઘેલી વેલી વૃક્ષને બાઝી પડી છે. આમ્રતરુ ઉપર બેસી કોકિલા ટૌકા કરી રહી છે જાણે એ કામદેવની દૂતી હોયની એવું લાગે છે. બીજાં પક્ષીઓ બોલે છે તેઓ જાણે વીણા વગાડતાં હોય એમ લાગે છે. ઉત્તમ પુરૂષમાં જેમ સદ્ગુણ પ્રકાશી નિકળે, તેમ જુઓ પેલા મનહર કર્ણિકાર પર કેવાં સુંદર પુષ્પો ખીલી રહ્યાં છે. મહેશ્વરનો સાચો ભકત જેમ ભકિતમાં લીન થઈ જાય, તેમ પેલો મયૂર ઢેલ સાથે નૃત્ય કરવામાં લીન થઇ ગયો છે. કામીજનોના હૃદયોમાં કામદેવ પ્રવેશ કરે, તેમ જુઓ પેલો કામીકીર નિજ પ્રિયા સાથે કેલી કરવા વટવૃક્ષમાં પ્રવેશ કરેછે. જેમ કોઇ ચોર રાજાના મહેલમાં પ્રવેશ કરી અમૂલ્ય હાર ચોરી નાસી જાય, તેમ વસંતનો પ્રિય મિત્ર વાયુ માલતીમાં પેસી,

ઉત્તમ સુગંધને ચોરી લઈ ભાગી જાયછે. ઇચ્છિત વસ્તુના લાભથી જેમ કોઇ પુરૂષ આનંદમાં આવી જાય, તેમ સુંદર પુષ્પોના સુગંધથી પેલો ભ્રમરો આનંદમાં આવીજઇ ગુંજારવ કરી રહ્યાછે. અતિથિના આવાગમનથી જેમ કોઇ દ્વિજ પ્રસન્ન થાય, તેમ ઋતુ વસંતના આવાગમનથી આ દ્વિજ પ્રસન્ન થાય છે. મનેતો લાગેછે કે ઇંદ્રના નંદન વનનું માન ઉતારવાને માટેજ આ ઉપવનની રચના કરેલીછે. સાધુ પુરૂષના હૃદયમાં જેમ દયા નિવાસ કરે, તેમ પેલા અશ્વત્થ વૃક્ષમાં મૈના નિવાસ કરી રહીછે. વિદ્વાન્ પુરૂષના મુખમાંથી જેમ ઉત્તમ વાણી નિકળે, તેમ પેલા ફુવારામાંથી ઉત્તમ જલ નિકળેછે. નાનું બાળક જેમ માતાના ખોળામાં બેસે, તેમ પેલા પક્ષીનું બચ્ચું નિજ માતાની પાંખમાં ભરાઇ જાયછે. મુરલીના નાદથી આપે જેમ ગોપીઓને ઘેલી બનાવી હતી, તેમ આ ઉપવન પોતાની સુંદર શોભાથી અનેક પક્ષીઓને ઘેલાં બનાવી દેછે. જ્ઞાની પુરૂષને જોઇ જેમ કોઇ જીજ્ઞાસુ શોક રહિત થઇ જાય, તેમ આ અશોકને જોઇ અનેક પક્ષીઓ શોક રહિત થઇ જાયછે. નિર્મળ આકાશમાં તારાઓ દીપી નિકળે, તેમ જાઇ જુઇ પૂર્ણ ખીલી આનંદના સાગરમાં ડૂબાવી દેછે. આ વૃક્ષો ઉંચે નિહાળી જાણે ઇશ્વરી લીલાનું ગાન કરતાં હોયની એમ લાગેછે. વાયુથી અનેક વૃક્ષો હાલેછે, તેથી જાણે ભૂમિ દેવીને નમન કરતાં હોયની એમ

લાગેછે. પેલા ગુલાબને કાંટા જોઇ એવો વિચાર આવેછે કે વિધિએ કોઇનો ગર્વ રહેવા દીધો નથી. કોઇપણ દોષરહિત નથી, માટે સમજુ પુરૂષે કોઇની પણ મિથ્યા નિંદા કરવી નહીં. સુંદર સ્વરથી પેલો કોકિલ પક્ષી એવું સૂચવેછે કે જેનામાં મીઠાશ છે તેજ સર્વને માન્ય થાયછે, માટે વિવેકી મનુષ્યે કટુ વાણીનો સર્વદા ત્યાગ કરવો. પેલો ભ્રમર માલ-તીમાં પેસી એવું જણાવેછે કે જેનામાં ગુણ છે તેની પાસે અનેક જનો ઘસડાઇ આવેછે, માટે જીજ્ઞાસુ મનુષ્યે સદ્ગુણ નો ત્યાગ કદીપણ કરવો નહીં. ઉપવનની સુંદર શોભા જોઇ શ્રીકૃષ્ણ તથા અર્જુન આગળ ચાલ્યા. તેઓ એક પવિત્ર બ્રાહ્મણના ઘર આગળ આવી પહોંચ્યા. તે ત્યાગી બ્રાહ્મણ નીચેનું પદ ગાતો હતો.

ધરે શું કાયાનો અહંકાર, અંતે એ બળી જશેરે

પૃથ્વીમાં મળી જશેરે.

અરે શું ધારે મિથ્યા પ્યાર, પૂર્ણ તું દુઃખીથશેરે.-ધરે

રજ્જુ માંહિ સર્પ ભ્રાંતિ ખોટી તો મનાય છે,

શુક્તિ માંહી રજત ભાસે, અસત્ય તે ગણાય છે.

સ્થાણુ માંહી પુરૂષ ભ્રાંતિ, સાચી કદી શું થાયછે,

ગંધર્વ નગર ગગન માંહી, મિથ્યા તો જણાય છે.

અરે તું ખોટો મોહ ઉતાર, માયામાં શીદ ફસેરે. ધરે

કામ હસ્તી મસ્ત ઝાઝો, પાસે શાને જાયછે,
લોભ સર્પ ઝેરી પૂરો, એથી શું હરખાયછે.
મોહ મદિરા પીને શાને, મૂર્ખ તું મલકાયછે,
ચેત ચેત ઇર્ષા સિંહણ, તુને ફાડી ખાય છે.

ગણે શું પ્યારી તારી નાર, દૂર તું નહીં ખસેરે. ધરે બ્રાહ્મણનું આવું જ્ઞાન જોઇ અર્જુન બોલ્યો—હે શ્રીકૃષ્ણ પેલો બ્રાહ્મણ કેવું ઉત્તમ પદ બોલી રહ્યોછે ? આવીરીતે વાર્ત્તાલાપ કરતા શ્રીકૃષ્ણ તથા અર્જુન મયૂરધ્વજ રાજા પાસે ગયા. તે વખતે મયૂરધ્વજ નીચેનું પદ બોલતો હતો.

ભક્તિ વિના નહીં પાર, પામો હે બંધુ ભક્તિ વિના નહીં પાર
કાયા છે કાચી, રહ્યા શું રાચી, ખોટો જાણો સંસાર. ભક્તિ
કામ ધેનુ ચિંતામણિ, ભક્તિ નેટ મનાય
કલ્પતરૂ એ જાણજો, સંકટ સર્વે જાય. ભક્તિ
વિષવત્ વિષયો ગણે સહુ, પ્રભુનો ભક્ત જેહ
નામ નિરંતર તે જપે, લાગી રહીછે લેહ. ભક્તિ
નાચે કૂદે ને મસ્ત રહે, કરેછે અશ્રુપાત
ધ્રુવ પ્રલ્હાદ તરી ગયા, થયા અતિ વિખ્યાત. ભક્તિ
ભક્તિ રસાયન સત્ય છે, અમર કરેછે સાર
મિથ્યા માયા છોડીને, રાખો હરિપર પ્યાર. ભક્તિ
જન્મ મરણ આવે નહિ, મળે અવિચળ ધામ
અખંડ સુખ પમાયછે, સાચો છે ધનશ્યામ ભક્તિ

કાષ્ઠમાં જેમ અગ્નિ ગુપ્ત રહે, તેમ બ્રાહ્મણના વેશમાં ગુપ્ત રહેલા શ્રીકૃષ્ણે મયૂરધ્વજને કહ્યું–હે ધર્મધુરંધર પૃથ્વીપતિ મયૂરધ્વજ ! તારૂં શ્રેય થાઓ. ઇશ્વર તારી મન કામના પૂર્ણ કરો. હું વૃદ્ધ બ્રાહ્મણ આ બાળક સહિત તારા મંડપમાં આવ્યો છું તેના તરફ તું દૃષ્ટિ કર. મયૂરધ્વજ ઉભોથયો અને બોલ્યો. અહો! ધન્ય ઘડી! ધન્ય દિવસ !હેદ્વિજોત્તમ! આપનાં દર્શન કરી આજે હું કૃતાર્થ થયોછું. સાગરમાં ડૂબી જતા મનુષ્યને નાવની પ્રાપ્તિથી જેવો આનંદ થાય, સૂર્યોદયથી કમલને જેવો આનંદ થાય, શ્રીકૃષ્ણની મનોહર મૂર્તિથી ભક્તને જેવો આનંદ થાય, વસંતઋતુના આવાગમનથી કોકિલને જેવો આનંદ થાય, તથા બ્રહ્મ સાક્ષાત્કારથી જેવો જ્ઞાનીને આનંદ થાય, તેવોજ આનંદ આજે મને થયો છે. આપે પધારી મારૂં સ્થાન આજે પવિત્ર કર્યું. આ આપનો રંક સેવક આપની આજ્ઞા ઉઠાવવા તૈયાર છે. આપનું શું પ્રિય કરૂં? આપના જેવા દ્વિજને હું શું આપી શકું એમ છે? મારૂં આ રાજ્ય આપી દઉં તોપણ મેં સંપૂર્ણ દાન આપ્યું છે એમ કહી શકાય નહી. શું આપને ધનની કામના છે? શું આપનો કોઇએ અપરાધ કર્યો છે? મારા રાજ્યમાં કોઇપણ બ્રાહ્મણને કષ્ટ આપી શકતો નથી. હું બ્રાહ્મણ માત્રને પૂજ્ય માનું છું, માટે આપના મનમાં જે ઇચ્છા હોય તે મને સત્વર કહો. શ્રી કૃષ્ણ બોલ્યા—ચંદ્રમાં

અમૃત, કદલિમાં કોમલતા, પૃથ્વીમાં ક્ષમા. કલ્પવૃક્ષમાં ઔદાર્ય, કમલમાં સુગંધ, કેસરીમાં શૌર્ય, તથા વાયુમાં સ્પંદ શકિત જેમ સ્વાભાવિક રીતે રહેલી છે, તેમ હે-રાજા ! તારામાં આવી ઉદારતા સ્વાભાવિક રીતેજ રહેલી છે, અને તેથી ભરપૂર સરોવરને જોઇ મલય પર્વત ઉપરથી હંસ ઉડી આવે છે, તેમ હું તારી પાસે આવ્યો છું. હે રાજા! હું અહીં શા માટે આવ્યો છું તે તું સાંભળ. તારા નગરમાં એક દ્વિજ રહે છે, તેને એક પૂર્ણિમાના ચંદ્ર સરખા મુખવાળી તથા કમલપત્ર સરખાં નેત્રવાળી કન્યા છે. એ દ્વિજ ધર્મ શાસ્ત્રને જ્ઞાતા તથા પરમ ઉદાર છે. વળી એની બુધ્ધિ બૃહસ્પતિ સરખી છે, તેથી મારા પુત્રને એ પોતાની કન્યા અવશ્ય આપશે, એવો વિચાર કરી ધર્મપુર નગરથી મારા પુત્રને સાથે લઇ હું આવતો હતો. અમે એક ભયંકર જંગલમાં આવી પહોંચ્યા. રાફડામાંથી સર્પના ફુત્કાર વારંવાર સંભળાતા હતા. વાઘ, વરૂ વગેરેનો તો કાંઇ પારજ નહોતો. અસંખ્ય બાવળનાં મોટાં વૃક્ષો જાણે તે વનની ચોકી કરનાર હોય એવું લાગતું હતું. પર્વતો આકાશ સાથે વાત કરી રહ્યા હતા. તેના પર નાના પ્રકારની વનસ્પતિ ઉગેલી હતી. ટેકરા ટેકરીની ગણત્રી થઇ શકે એમ નહોતું. કેટલાક વૃક્ષો પરથી પર્ણો ખરી પડતાં હતાં, તેથી જાણે વન દેવીની પૂજા કરતાં

હોયની એવું લાગતું હતું. જેમ તત્ત્વજ્ઞાની રાગ દ્વેષને ઉડાવી દે, તેમ વાયુ અનેક પર્ણોને દૂર ઉડાવી દેતો હતો. વૃક્ષો પર બેસી પક્ષીઓ બોલતાં હતાં. તેઓ જાણે ઈશ્વરની લીલાનું ગાન કરતાં હોયની એમ લાગતું હતું. મયૂરો એક ઝાડ પરથી બીજા ઝાડપર અને બીજા ઝાડ પરથી ત્રીજા ઝાડ પર ઉડી ટૂહુ ટૂહુ કરી પરમાત્માની અનહદ શક્તિ દર્શાવી રહ્યા હતા. અનેક વાનરો આનંદમાં આવી જઇ કૂદાકૂદ કરી રહ્યા હતા. ઇશ્વરની અનુપમ કૃતિથી આનંદમાં આવી તેઓ કૂદતા હોયની એવું લાગતું હતું. હું અને મારો પુત્ર વનની ખૂબિ જોતા જોતા જતા હતા, એવામાં જાણે બીજો કાલ હોય, એવો એક ભયંકર સિંહ સામો આવ્યો, અને યમ પ્રાણીને ઉપાડે, તેમ મારા પરમ પ્રિય પુત્રને ઉપાડયો. મારા પુત્રને મુક્ત કરવા માટે પ્રયત્ન કરવામાં મેં કાંઇ પણ ન્યૂનતા રાખી નહીં. હું ઉછળવા લાગ્યો, વારંવાર મારૂં માથું કૂટવા લાગ્યો, તથા છાતી ફાટ રૂદન કરવા લાગ્યો. મારી આવા સ્થિતિ જોઈ તે સિંહ મોટી ગર્જના કરવા લાગ્યો. પૃથ્વીને ચીરી નાખે એવી તેની ગર્જના સાંભળી મારૂં શરીર થર થર ધ્રુજવા લાગ્યું. મારા હાથમાંની લાકડી જમીન પર પડી ગઈ, અને હું પણ પૃથ્વી પર પડી ગયો. મને પૃથ્વી પર પડેલો જોઈ તે સિંહ મનુષ્ય જેવી વાણીથી બોલ્યો—હે દ્વિજોત્તમ ! તું નકામું કલ્પાંત શા માટે કરે છે?

મેં આ તારા પુત્રને પકડયો છે, તેને મુક્ત કરવા હવે કોઈ પણ સમર્થ નથી. હું આ જંગલનો રાજા છું અને મારૂં બળ ઘણું મોટું છે. હું ચાહું તો આ પર્વતને તોડી પાડું અને આ અનેક વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાખું. શું કોઇ યમ રાજાના હાથમાં આવેલું બચી જાય છે? હવે તું આ પુત્રની આશા છોડી દઇ તારા નગરમાં પાછો જા, અને બીજો પુત્ર ઉત્પન્ન કર, કારણકે પુત્ર વિનાનો મનુષ્ય નરકનો અનુભવ કરે છે. તેની સદ્ગતિ થતી નથી, તે આ લોક અને પરલોકથી ભ્રષ્ટ થાય છે. હે ધર્માત્મા રાજા મયૂરધ્વજ ! તે સિંહની વાણી સાંભળી હું બોલ્યો–હે ભલા સિંહ મારો આ જગત્‌માંથી ઉધ્ધાર કરનાર તું આ મારા કેળના ગર્ભ સરખા કોમળ પુત્રને મૂકી દે, અને એને બદલે તું મારૂં ભક્ષણ કર. હવે હું વૃધ્ધ થયો છું. મારામાં પૂરી શક્તિ રહી નથી. મારૂં આયુષ પણ આવી રહ્યું છે. મને આ સ્થૂલ દેહ પર પ્રેમ નથી, માટે તું મારી વિનંતિનો સ્વીકાર કર. આ પુત્રને માટે મેં આશાનો કોટ ચણ્યો હતો. આવી રીતે એ આશાના કોટને તોડી પાડવો એ તને યોગ્ય નથી. જેમ પર્ણો વિના વૃક્ષ શોભે નહીં, તેમ પુત્ર વિના પિતા શોભતો નથી. સિંહ બોલ્યો–હે બ્રાહ્મણ ! તારૂં શરીર ઘણું વૃધ્ધ થઈ ગયું છે અને તેથી જેમ શુષ્ક સરોવરપર હંસને પ્રેમ ઉત્પન્ન થતો નથી, તેમ મને એનાપર પ્રેમ

ઉત્પન્ન થતો નથી. હું તો આ તારા પુત્રનું ભક્ષણુ કરી તૃપ્ત થઈશ. તું મારૂં કહ્યું માન્ય કરી તારા નગરમાં ચાલ્યો જા. એથીજ તારૂં કલ્યાણુ થશે. હે રાજા! તે સિંહના વારંવાર કાલાવાલા કરી મેં કહ્યું કે–હે સિંહ તું કહે તે હું તને આપું. કહે તો મારૂં ઘણા વર્ષનું તપ તને અર્પણુ કરૂં. તારી ગમે તેવી મન કામના હશે તો તે હું પૂર્ણુ કરીશ, પરંતુ તું મારા પુત્રને છોડી દે. ઇંદ્રને જેમ જયન્ત પ્રિય છે, તેમ એ મને પ્રિય છે. જેમ માછલું જલનો વિયોગ ખમી શકે નહીં, તેમ એનો વિયોગ મારાથી સહન થઈ શકે એમ નથી. પછી તે સિંહે જે મને કહ્યું તે હે રાજા! હું કહી સકતો નથી, કારણુ કે મારી જીભ અટકી જાય છે. મયૂરધ્વજ બોલ્યો—હે દ્વિજોત્તમ! સિંહની જે માગણી હશે તે હું અવશ્ય આપીશ. જરા પણુ શંકા રાખો નહીં. શું ચંદ્રમાંથી કદી પાષાણુની વૃષ્ટિ થાય છે? કલ્પ વૃક્ષ તથા કામધેનુ પાસેથી કોઇ પણુ યાચક પાછો જાય છે? કમલ સુગંધનો ત્યાગ કરી કદી પણુ દુર્ગંધ ધારણુ કરે છે? સૂર્યમાં કદી અંધકાર પ્રવેશ પણુ કરી શકે છે? હું કદી પણુ અસત્ય બોલતો નથી. કારણુ કે સત્યને મુનિઓ શ્રેષ્ઠ કહે છે. બ્રાહ્મણુના રૂપમાં રહેલા શ્રી કૃષ્ણુ બોલ્યા— યદ્યપિ સિંહની માગણી ના આપી શકાય એવી છે છતાં તું આવી દૃઢતા રાખે છે તો સાંભળ. જ્યારે મેં સિંહના બહુ

કાલાવાલા કર્યા ત્યારે તેણે મને કહ્યું કે હે દ્વિજોત્તમ! મયૂરધ્વજ રાજાના પુત્રનું અર્ધ શરીર જો તું મને લાવી આપે, તો હું તારા પુત્રને મુક્ત કરૂં. તારૂં શરીર છેક જીર્ણ થઈ ગયું છે, અને તેથી જેમ શુષ્ક ઉપવન પર ભ્રમરને પ્રીતિ થતી નથી, તેમ મને એના પર પ્રીતિ થતી નથી. મયૂરધ્વજ રાજાનું શરીર ઘણું પુષ્ટ છે, અને તેથી હંસને જેમ ખીલેલા સરોવર પર પ્રીતિ ઉત્પન્ન થાય છે, તેમ મને તેનાપર પ્રીતિ ઉત્પન્ન થાય છે. તારા પુત્રને મુક્ત કરવાનો માત્ર એ એકજ માર્ગ છે. માટે જો તું તારા પુત્રનું શ્રેય ઇચ્છતો હોય, તો મયૂરધ્વજનું અર્ધ શરીર લઈ સત્વર આવ. ત્યાં સૂધી હું તારા પુત્રને મારીશ નહીં. હે રાજા મયૂરધ્વજ! સિંહની વિચિત્ર માગણી ધારી તને સુપાત્ર ધારી તારી પાસે આવ્યો છું. માટે તારી ઈચ્છામાં આવે તેમ તું કર. તને આવી વાત કહેતાં મારી જીભ ઉપડતી નહોતી, પરંતુ જયારે તેં ઘણો આગ્રહ કર્યો, ત્યારે ના છુટકે મારે કહેવું પડયું છે. સ્મિત હાસ્ય કરી રાજા મયૂરધ્વજ બોલ્યો—અહો દ્વિજોત્તમ! એમાં આપ આટલા બધા શા માટે અચકાતા હતા? આ શરીર મલ, મૂત્ર, રૂધિર, મેદ, મજ્જા, અસ્થિ વગેરે મહા ગંદા પદાર્થોથી બનેલું છે. જેમ કોઇ રૂપાના ઘડામાં નરક ભર્યું હોય, તે ઘડો દૂરથી જોઇએ તો બહુ સુંદર દેખાય છે, પરંતુ પાસે જઇ ઉઘાડીને જોતાં

કેવલ નરકની પ્રાપ્તિ થાય છે, તેમ આ શરીર પર ચામડી મઢી લીપેલી છે, તેથી માત્ર ઉપરથી જોનારને એ શરીર સુંદર દેખાય છે, પરંતુ ચામડીને ઉતરડી નાખતાં એની મલિનતા સ્પષ્ટ જણાઈ આવે છે. આપણા ઘરમાં અન્નને એક બે દિવસ રાખ્યું હોય, તો તે રહી શકે છે, પરંતુ આ શરીરમાં નાખતાં તરતજ તેનું નરક થઈ જાય છે. વળી ગમે તેવાં સુંદર નવિન વસ્ત્રો પણ આ દેહના સ્પર્શથી મલિન થઈ જાય છે. આ દેહને નવ દ્વાર છે તેમા એક પણ દ્વાર એવું નથી કે જેનાપર વિવેકીને પ્રેમ ઉત્પન્ન થાય. વળી એ વાર વાર વ્યાધિથી પીડાય છે. રસાયનથી આ શરીરને પુષ્ટ કરવામાં આવ્યું હોય, તોપણ અંતે એ પડી ગયા વિના રહેતું નથી. એને ગમે તેવું લડાવ્યું હોય, ચોળી ચોળીને સાફ રાખ્યું હોય, સુગંધવાળા પદાર્થોથી એને વારંવાર સુગંધયુક્ત કર્યું હોય, સુંદર વસ્ત્રો પહેરાવી એને દેદિપ્યમાન કર્યું હોય, તથા પકવાન્ન વગેરેથી એને અત્યંત સ્થૂલ બનાવ્યું હોય તો પણ અંતે કાલ એને ગળી ગયા વિના રહેતો નથી. દિવ્ય ઔષધોથી એનું રક્ષણ કરવામાં આવે, અગાડી પછાડી હજારો યોદ્ધાઓને રાખી વચમાં એને રાખવામાં આવે, પાતાલમાં એનું રક્ષણ કરવામાં આવે, દરિયા આગળ ભોંયરૂં કરી એને ગુપ્ત રાખવામાં આવે, ગમે તેવા મજબૂત

કિલ્લામાં એને પૂરી રાખવામાં આવે, તોપણ કાલ એને ઉપાડી ગયા વિના રહેતો નથી. આવા નાશવંત તથા ગંદા શરીરપર જે પ્રેમ રાખે છે, તેનામાં અને નરકના કીડામાં શી ભિન્નતા છે? અહો આવું ગંદું શરીર કદી પરોપકાર માટે અર્પણ થાય તો તેથી બીજું રૂડું શું છે? હે વિપ્રેંદ્ર! પરોપકારજ આ વિશ્વમાં શ્રેષ્ઠ મનાય છે. પરોપકારને માટેજ સરોવર પુષ્કળ કમલથી ખીલી ચક્રવાક, હંસ, ભ્રમર, વગેરેને આનંદ આપે છે. પરોપકાર માટેજ સુધાનિધિ અમૃતમય કિરણથી વનસ્પતિ પોષે છે, તથા સાગરને ઉછાળે છે. પરોપકાર માટેજ નદી પુષ્કળ પાણી રાખી અનેકની ઈચ્છા પરિપૂર્ણ કરે છે. પરોપકાર માટેજ મેઘ પુષ્કળ વૃષ્ટિ કરે છે, તથા અનેકને જીવન આપે છે. પરોપકાર માટેજ સૂર્યનારાયણ ઉગે છે, તથા સાગરનું જલ શોષી લે છે. પરોપકાર માટેજ આમ્ર વૃક્ષ અનેક સુંદર ફૂલોને ધારણ કરે છે. પરોપકાર માટેજ ઉપવનમાં અનેક પુષ્પો ખીલી રહે છે. પરોપકાર માટેજ ચિંતામણિ કલ્પ વૃક્ષ, તથા કામધેનુની વારંવાર પ્રશંસા કરવામાં આવે છે પરોપકારજ માટે શેરડી ઉત્પન્ન થાય છે. પરોપકાર માટેજ પર્વત અનેક વનસ્પતિ ધારણ કરે છે. પરોપકાર માટેજ સાગર અનેક રત્નો પાસે રાખે છે. પરોપકાર માટેજ ચંદન વૃક્ષ ઉત્પન્ન થાય છે. પરોપકાર માટેજ

વાયુ સુગંધને ચોરી લાવે છે. પરોપકાર માટેજ અગ્નિ પ્રદિપ્ત થાય છે. જળ પરોપકાર માટેજ ઉત્પન્ન થયું છે. પરોપકાર માટેજ પૃથ્વી અનેક વસ્તુઓને ધરી રહી છે. દધિચી ઋષિએ પરોપકાર માટેજ પોતાનું શરીર આપ્યું હતું. પરોપકાર માટેજ પક્ષીએ પારધીને પોતાનો દેહ અર્પણ કર્યો હતો. પરોપકાર માટેજ શિબિ રાજાએ પોતાનું માંસ કાપીને બાજ પક્ષીને આપવા માંડયું હતું. પરોપકાર માટેજ કર્ણે ઇંદ્ર રાજાને પોતાનાં કવચ કુંડળ ઉતારી આપ્યાં હતાં. પરોપકાર માટેજ શ્રી શંકરે અંધકાસુરનો નાશ કર્યો હતો. પરોપકાર માટેજ શ્રી વિષ્ણુ વારંવાર અવતાર ધારણ કરી દુષ્ટોનો નાશ કરે છે. પરોપકાર માટેજ શ્રી રામે અનેક દૈત્યોનો વધ કર્યો હતો. પરોપકાર માટેજ ઇંદ્રે નમુચિને માર્યો હતો. હે દ્વિજોત્તમ! આ મંડપમાંજ હું મારૂં શરીર આપવા તત્પર છું. જેને પ્રભુપર પરમ પ્રેમ ઉત્પન્ન થયો છે, તે આ નાશવંત સ્થૂલ શરીરપર શા માટે પ્રેમ રાખે? પરોપકારને માટે આ દેહ અર્પણ કરવાથી મારાપર પરમાત્માની પૂર્ણ કૃપા થશે. આમ કહી તે પરમભક્ત મયૂરધ્વજે સ્નાન કર્યું. તેના મુખપર કિંચિત્ પણ ગ્લાનિની છાયા દેખાતી નહોતી. પ્રભુના પ્રેમમાં મસ્ત બનેલો મયૂરધ્વજ રાજા બોલ્યો—પોતાના પુત્રને માટે આવેલા આ ઉત્તમ

બ્રાહ્મણને આજે હું મારૂં અર્ધ શરીર આપી કૃતાર્થ થઈશ, માટે તમે સત્વર જઇ કરવત મૂકનારને તેડી લાવો. આ ગદુ શરીર પરોપકારને માટે અર્પણ થાય તો તે ઘણુંજ શ્રેષ્ઠ છે. તમારે કિંચિત્ પણ ગ્લાનિ યુક્ત થવું નહીં. મેં મારો આ દેહ પરોપકારને માટેજ ધારણ કર્યો છે. રાજાની આવી વાણી સાંભળી પ્રધાનો તથા બ્રાહ્મણો વિજળીના પ્રહારની પેઠે કંપી ઉઠયા. તેઓ બોલ્યા અરે! આતે બ્રાહ્મણ છે કે ક્રૂર રાક્ષસ છે? બ્રાહ્મણના હૃદયમા અનુદિન કોમળતા નિવાસ કરે છે, પરંતુ આતો કોઈ વિચિત્ર યાચના કરે છે, અવશ્ય બ્રાહ્મણના રૂપમા આવેલો એ કોઈ માયાવી દૈત્ય છે.

આવી વિચિત્ર યાચના તો કોઇ દિવસ સાંભળી નથી આવી અનુચિત યાચના કરતા આ ક્રૂર બ્રાહ્મણનુ હૃદય શા માટે કંપતુ નહીં હોય? દયા એ બ્રાહ્મણનુ ભૂષણ છે, પરંતુ આ બ્રાહ્મણમા તેના અંશ સરખો પણ જોવામા આવતો નથી આટલુ તો સિદ્ધ છે કે પૂર્વ જન્મના પ્રબળ સંસ્કાર વિના ઉત્તમ બુદ્ધિની પ્રાપ્તિ થતી નથી. નીચ મનુષ્ય પાસે ઉત્તમ વસ્તુની આશા રાખવી એ ખપુષ્પવત્જ છે આ બ્રાહ્મણને વ્યાઘ્રની ઉપમા આપી હોય, તો તેમા શુ અસત્ય છે? આવો હિંસક બ્રાહ્મણ આજ સૂધીમાં જોવામા આવ્યો નથી. જે સાચો બ્રાહ્મણ છે તે તો સ્વાર્થને દૂર ખસેડી પરમાર્થમાજ

જોડાય છે. બ્રાહ્મણ આત્મજ્ઞાનનો અભ્યાસ કરનાર હોય છે, અને તેથી તે મનથી વચનથી કે કર્મથી કોઇનું પણ અશ્રેય કરતો નથી. આપણા રાજા અનુદિન અતિથિનો સત્કાર કરનારા છે. અતિથિની ગમે તેવી યાચના હોય પરંતુ એઓશ્રી તેનો કદી પણ અસ્વીકાર કરતા નથી, જે બનવાનું હોય તે બનેજ છે. કોટિ ઉપાયે મિથ્યા થતું નથી· કાલની ગતિ અચિંત્ય છે, અહો ! થોડા વખત પર અત્રે પરમાનંદ છવાઈ રહ્યા હતો, પરંતુ તે આનંદ એકાએક નષ્ટ થઇ ગયો. ઇશ્વરની કૃતિનો પાર પામવા મનુષ્ય કેવળ અશક્ત છે. આ દુષ્ટ બ્રાહ્મણ રાજાનું શરીર લીધા વિના કદી જવાનો નથી. પ્રધાનો તથા બ્રાહ્મણોને આવી રીતે બોલતા સાંભળી મયૂરધ્વજ બોલ્યો—અરે ! તમે મારો શા માટે શોક કરો છો ? આ સ્થૂલ દેહ તે હું નથી હું તો તેનો દ્રષ્ટા છું. જેમ ઘટ દ્દષ્ટાઘટથી ભિન્ન છે, તેમ આ સ્થૂલ દેહનો દ્રષ્ટા હું સર્વદા ભિન્ન છું. હું અખંડ, અજ, અવિચલ, અનંત, તથા અદ્વૈત છું. શસ્ત્રો સાકાર વસ્તુનેજ છેદી શકેછે, પરંતુ હું તો નિરાકાર છું. મને છેદવા શસ્ત્રો સમર્થ નથી. અગ્નિ સાકાર વસ્તુનેજ બાળી શકેછે, પરંતુ હું તો નિરાકાર છું, તેથી મને બાળવા અગ્નિ સમર્થ નથી. પાણી સાકાર વસ્તુનેજ ભીંજવી શકેછે, પરંતુ હું તો નિરાકાર છું, તેથી પાણી મને ભીંજવી શકતું નથી. વાયુ

સાકાર વસ્તુને શુષ્ક કરી શકેછે, પરંતુ હુંતો નિરાકાર છું તેથી મને શુષ્ક કરવા વાયુની શી શક્તિ છે ? આ પ્રમાણે બોલી પરમ ભક્ત મયૂરધ્વજ રાજા અનેક યાચકોને દાન આપવા લાગ્યો. થોડા વખતમાં કરવત મૂકનાર આવી પહોંચ્યા. મરવાને તૈયાર થયેલા રાજાએ બ્રાહ્મણના રૂપમાં આવેલા શ્રીકૃષ્ણના પગ ધોયા. પછી તે બોલ્યો—હે દ્વિજવર! આજે તમારા પુત્રના શ્રેય માટે હું મારૂં શરીર આપુછું. આજે ઈશ્વરની મારાપર મોટી કૃપા થઇછે. પોતાને ત્યાં આવેલા અતિથિને જે પાછો કાઢેછે, તેનો અવશ્ય રૌરવ નરકમાં વાસ થાયછે. મારૂં ધન, મારૂં તન, તથા મારૂં મન બ્રાહ્મણને માટેજ છે. મારૂં અધ શરીર ખાઈ સિંહ તમારા પુત્રને અવશ્ય મુક્ત કરશે. હે ભાઇઓ ! મને આ કાષ્ઠની સાથે બાંધી મારા મસ્તક પર કરવત ચલાવી મને અનુપમ સુખનો ભોક્તા કરો. ધન્ય ઘડી ! ધન્ય દિવસ !

આજે આ દેહ પરોપકારને માટે અર્પણ થાય છે, એથી વિશેષ શ્રેયસ્કર શું છે ? હે કૃષ્ણ ! હે ગોવિંદ! હે મારા નાથ ! તેં આજે આ તારા ભક્ત પર સંપૂર્ણ કૃપા કરી. વાહ! મારા પ્રભુ વાહ! તારી બલિહારિ છે. ભાઇઓ! શા માટે વિલંબ કરો છો? આ બ્રાહ્મણે તો આજે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. કારણ કે આ દેહ અર્પણ કરવાથી અવશ્ય મને ઉત્તમ લોકની

પ્રાપ્તિ થશે. મારો હરિ આ બ્રાહ્મણને દીર્ઘાયુષ અર્પણ કરે ! જે મનુષ્ય અન્યનું શ્રેય કરતો નથી, તે ધમણની પેઠે મિથ્યા શ્વાસ લે છે. પરોપકારને માટે આ શરીર અર્પણ થાય છે, તેથી મને અવર્ણનીય આનંદ પ્રાપ્ત થાય છે. આવી રીતે કાંઇ પણ ગ્લાનિ વગર બ્રાહ્મણને મયૂરધ્વજ રાજા દેહ અર્પણ કરવા તૈયાર થયો, તેથી નગરના લોકો શોક સાગરમાં ડૂબી ગયા પોપટના બચ્ચાંને બાજ ઉચકી જાય, તે સમયે જેમ તેની મા કલ્પાંત કરે, તેમ સ્ત્રી પુરૂષો કલ્પાંત કરવા લાગ્યાં એવામાં પાર્વતી જેમ શંકર પાસે આવે, તેમ કુમુદ્વતી સભામા આવી પહોંચી, અને નીચે પ્રમાણે બોલવા લાગી–હે સ્વામીનાથ! તમે આ સ્થૂલ દેહ ઉપરની મમતાને દૂર હઠાવી બ્રાહ્મણને તે અર્પણ કરવા તૈયાર થયા છો, એ મહા આનંદની વાત છે, પરંતુ હું જે કહું છુ તેના પર જરા લક્ષ આપો. સ્ત્રીએ પુરૂષનું અર્ધું અંગ ગણાય છે, માટે આ મારો દેહ બ્રાહ્મણને અર્પણ કરી તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરો એથી અવશ્ય તમને મહા પુણ્યની પ્રાપ્તિ થશે આ નાશવંત શરીર કે જે કોટિ ઉપાયે સ્થિર રહી શકતું નથી, તે આવી રીતે બ્રાહ્મણને અર્પણ થવાથી મને પણ સ્વર્ગની પ્રાપ્તિ થશે. જે સ્ત્રી પોતાના પતિને માટે પોતાનું શરીર અર્પણ કરેછે, તે સ્ત્રીની કીર્તિ અમર રહેછે. પતિ એજ સ્ત્રીનું પરમ દૈવત

છે, પતિ એ સ્ત્રીનો સાચો ગુરૂ છે, તથા પતિ એ સાક્ષાત્ પરમેશ્વર છે. જે સ્ત્રી પતિના પર અનન્ય પ્રેમ રાખેછે, તે સ્વર્ગની ઉપર પણ પોતાનો પગ મૂકેછે. કુમુદ્વતીએ દઢતાથી આવીરીતે કહ્યુ તેથી બ્રાહ્મણના રૂપમા રહેલા શ્રીકૃષ્ણ બોલ્યા–હે રાજા ! સ્ત્રી એ પુરૂષનું ડાબુ અંગ ગણાયછે, પરંતુ સિંહે તો મારી પાસે જમણું અંગ માગ્યુંછે. જો તારાથી તારૂં જમણું અંગ ન આપી શકાય એમ હોય તો તો હું સિંહ પાસે જઈ કહું કે હે ભાઈ! તું મારા પુત્રનું ભક્ષણ કર. રાજા મયૂરધ્વજ પોતાનું અંગ આપી શકતો નથી. બ્રાહ્મણ આવી રીતે બોલતો હતો, એવામાં વાયુની પેઠે વેગથી કુમાર તામ્રધ્વજ ત્યાં આવ્યો, અને મેઘના જેવી ગંભીર વાણીથી બોલ્યો–પુત્ર એ પિતાનુંજ અન્ય સ્વરૂપ છે, કારણકે તે પિતાના અંગોઅંગમાથી ઉત્પન્ન થાય છે. ધર્મ શાસ્ત્ર કહે છે કે

पुन्नाम्नोनरकाद्यस्मात्पितरं त्रायते सुतः ।
तस्मात्पुत्रइतिप्रोक्तः स्वयमेव स्वयम्भुवा ॥

પુન્નામ નરકમાથી જે પિતાને બચાવે તે પુત્ર કહેવાય, એ પુત્ર શબ્દની વ્યુત્પત્તિ સ્વયં બ્રહ્માએ કહી છે. વળી કહ્યું છે કે—

પુત્ર પિતાના પ્રત્યેક અંગમાંથી તથા મનથી ઉત્પન્ન થયો છે. પુત્ર જે તેનું નામ પડસું છે એ આત્માજ છે, અર્થાત્

પિતાજ પુત્ર રૂપ ધારણ કરી ઉત્પન્ન થાય છે. એવા હે પુત્ર તું સો વરસ જીવ. હે બ્રાહ્મણ ! માટે તું આ મારૂં શરીર લઇ સિંહને તૃપ્ત કર. પિતાનું શરીર જીર્ણ થઈ ગયું છે. તેથી મારા શરીરથી સિંહને ઘણો સંતોષ પ્રાપ્ત થશે. બ્રાહ્મણના રૂપમાં રહેલા શ્રીકૃષ્ણે કહ્યુ—હે તામ્રધ્વજ! તારૂં કહેવું સત્ય છે, પરંતુ પુત્ર અને સ્ત્રીના હાથથી જૂદું થયેલું મયૂરધ્વજનું અર્ધ શરીર લાવજે એમ સિંહે મને કહ્યું છે તેથી હું લાચાર છું. રાજા મયૂરધ્વજ જો પોતાનું શરીર આપી શકતો ના હોય તો હું જાઉં છું. તમારૂં કલ્યાણ થાઓ. બ્રાહ્મણને આવી રીતે બોલતો સાંભળી રાજા મયૂરધ્વજ હર્ષથી ઉછળ્યો અને બોલ્યો—ઘણું સારૂં. મારા હરિની સંપૂર્ણ કૃપા! હે કુમુદ્વતી તથા તામ્રધ્વજ! તમે આ કરવત લો, અને મારા પર ચલાવો. હે કૃષ્ણ! હે ગોવિંદ! હે ભવાબ્ધિતારક! હે દીનબંધુ! આજે મારા આનંદનો પાર નથી. રાજાનું આવું સાહસ જોઇ ઋષિઓ તથા દેવતાઓ આકાશમાં આવી ઉભા રહ્યા. કુમુદ્વતી તથા તામ્રધ્વજ મયૂરધ્વજની આજ્ઞા પ્રમાણે કરવત મૂકવા લાગ્યાં.

નગરનાં સ્ત્રી પુરુષો જેમ વાયુથી વૃક્ષ કંપે, તેમ કંપવા લાગ્યાં. મોટા મોટા ધીર પુરુષો પણ રાજાની આવી દશા જોઇ રૂદનાલાપ કરવા લાગ્યા. વાયુ પણ મંદ પડી ગયો. સૂર્ય પણ ઝાંખો થઇ ગયો. દેવતાઓ તથા ઋષિઓ પણ

આશ્ચર્ય પામવા લાગ્યા. કુમુદ્વતી બોલી હે દ્વિજોત્તમ! તમારા પુત્રને માટે મારા પતિ પર કરવત ચલાવું છું તે તમે જુઓ. પતિની આજ્ઞા પાળવી એ સ્ત્રીનું ભૂષણ છે, અને તેથી કાંઈ પણ કંપ વિના હું આવું કૃત્ય કરવા તત્પર થઈ છું. મયૂરધ્વજ બોલ્યો—આ કરવતથી મને પુષ્પ જેટલી પણ અસર થતી નથી. જાણે મારા પર રૂનો ઢગલો પડતો હોય એમ મને લાગે છે. માટે તમે જરા પણ કંપ વગર ચલાવો. જેમ કીડીના ચાલવાથી પર્વતને કાંઈ અસર થાય નહીં, તેમ આ કરવતથી મને કાંઇ અસર થતી નથી. રાજાને આવી રીતે બોલતો સાંભળી કુમુદ્વતી તથા તામ્રધ્વજ કરવત ચાલુ રાખવા લાગ્યાં.

આવી રીતે મયૂરધ્વજના મસ્તક ઉપર કરવત ચાલતું જોઇ નગરનાં સ્ત્રી પુરૂષો વિજળીના પ્રહારની પેઠે કંપી ઉઠયાં. હાય! આજે શું થાયછે! આતે બ્રાહ્મણ છે કે ચાંડાલ! એમ તેઓ વારંવાર બોલવા લાગ્યાં. આ સમયે મયૂરધ્વજના ડાબા નેત્રમાંથી પર્વતમાંથી જેમ સરિતા વહે, તેમ અશ્રુધારા નિકળવા લાગી. આથી બ્રાહ્મણના રૂપમાં રહેલા શ્રીકૃષ્ણ બોલ્યા—હે રાજા મયૂરધ્વજ! આવી રીતે રૂદન કરી તું તારૂં શરીર મને અપર્ણ કરેછે તે યોગ્ય નથી. ભલે! મારા પુત્રને સિંહ ખાઈ જાય. ભાવવિના અપાતું દાન કેવળ તામસી ગણાયછે. જો પ્રથમથીજ તારી વૃત્તિ આવી

પોચી છે, એવું હું જાણતો હોત તો કદાપિ તારી પાસે આવત નહિ હશે જે થયું તે થયું. ગઈ વસ્તુનો શોચ મિથ્યા છે હવે હું જાઉં છું. એમ કહી તે કપટી બ્રાહ્મણ ચાલતો થયો. આવી રીતે પેલા બ્રાહ્મણને જતો જોઈ સતી કુમુદ્વતી જે પોતાના પતિના ભેદાયેલા મસ્તકને સ્થિર રાખ્યું, તથા ટીંટોડીની પેઠે કલ્પાત કરી ઉચ્ચ સ્વરે કહ્યુ કે—હે મહા ધર્માત્મા! પરમ સત્ય વાદી! યાચક ચિન્તામણિ! સમર્થ વિદ્વાન્! મહાધીમંત રાજા! આ બ્રાહ્મણ [illegible] શુષ્ક સરોવરને હંસ તજે, તેમ તમારો ત્યાગ [illegible] ચાલ્યા જાયછે, માટે તેને અટકાવો. કુમુદ્વતીની [illegible] વાણી મયૂરધ્વજે તે બ્રાહ્મણને મહા શ્રમે પાછો બો[illegible] બ્રાહ્મણને પાછો આવેલો જોઇ મયૂરધ્વજ બોલ્યો—હે દ્વિજવર! મારૂં કહેવું સાભળો. હેતુ જાણ્યા વિના આવી રીતે સાહસ કરી ચાલ્યા જવું એ તમને યોગ્ય નથી. મારૂં જમણુ અંગ તો બ્રાહ્મણના ઉપયોગમાં આવ્યું, પરંતુ ડાબું અંગ કેવલ નકામું જશે એવા વિચારથી મારા ડાબા નેત્રમાથી અશ્રુધારા નિકળી છે. હે દ્વિજોત્તમ! હું સ્વપ્ને પણ અસત્ય બોલ્યો નથી, તો પછી આજે શા માટે બોલું? આ ડાબું અંગ કેવળ નકામુ જાય, તેથી શું મને પીડા ન થાય? મયૂરધ્વજની આવી વાણી સાંભળી જેમ કમલપર સૂર્ય પ્રસન્ન થાય તેમ શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા. તેણે બ્રાહ્મણનું રૂપ છોડી

દીધું, અને મૂલસ્વરૂપમાં દર્શન દઇ સ્મિત હાસ્ય કરી કહ્યું કે–હે ભૂપ કેસરી ! હે ધર્મ ધુરંધર ! હે પૃથ્વીપતિ ? હે નીતિવેત્તા ! ધન્ય છે ! ધન્ય છે ! ઠામોઠામ કંટક હોતા નથી, કોઇ સ્થલે પુષ્પ પણ હોય છે. તેં આજે જે સાહસ કર્યું છે તેવું સાહસ કોઈ પણ કરી શકે એમ નથી. આ મારો શિષ્ય છે તે અર્જુન છે. તારી સ્થિરતા મેરૂને પણ જીતી જાય એમ છે. ગંભીરતાથી તું સાગરનો પણ પરાજય કરે છે. તારી પરીક્ષા કરવાને યદ્યપિ મેં અત્યન્ત ક્રૂરતાનો ઉપયોગ કર્યો છે, તદપિ તેથી તું જરા પણ ડગ્યો નથી. જ્યાં સુધી સૂર્ય ચંદ્ર રહેશે, ત્યાં સૂધી તારી કીર્તિ અખંડિત રહેશે. તારા પુત્ર તામ્રધ્વજે યુદ્ધમાં અત્યંત નૈપુણ્ય દર્શાવ્યું છે. અનેક યોદ્ધાઓને ધૂળ ચાટતા કરી અમારો અશ્વ લઈ એ તારી પાસે આવ્યો છે. હવે તું સુખેથી યજ્ઞ કર. મારૂં દર્શન નિષ્ફળ જતું નથી. જેવો મારો ભક્ત મને પ્રિય છે તેવી એક પણ વસ્તુ મને પ્રિય નથી. દૃઢ ચિત્તથી જે મારા પર પરમપ્રેમ રાખે છે તેનાં દુઃખો વાયુથી જેમ અભ્ર ખસી જાય છે, તેમ દૂર ખસી જાય છે. જેમ ઉત્તમ પુષ્પમાં સુગંધ રહે છે, તેમ તારામાં અનેક ગુણો ઝળકી રહ્યા છે. તું તે એક તુંજ છે, શ્રીકૃષ્ણની કૃપા દૃષ્ટિથી અસલ સ્થિતિમાં આવેલો રાજા દ્વય કર જોડી ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગ્યો–અહો મહા પ્રભુ ! હે નાથ ! હે કેશવ ! હે કરૂણા

નિધિ ! આજે તો રંકને હાથ ચિંતામણિ આવ્યો, અહો !
આજે આ એક માયાના કીડા ઉપર આપે સંપૂર્ણ કૃપા
કરી ! શું કોઈ આમ્રતરૂનો તિરસ્કાર કરી કંટક વાવે છે ?
આપ મારા ઉપર પ્રસન્ન થયા છો, એટલે મને યજ્ઞ
કરવાની ઈચ્છા નથી. તમારા દર્શનથી, કીર્તનથી, સ્મરણથી,
તથા પાદ સેવનથી, હજારો યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે,
તમારી ભક્તિ ઇચ્છિત પદાર્થને આપનારી છે. કલ્પતરૂ
માયિક પદાર્થો આપે છે, પરંતુ તે મોક્ષ આપવા સમર્થ નથી.
આપ સાચા ગુરુ છો. જગતનું કલ્યાણ કરવાને માટેજ
વારંવાર અવતાર ધારણ કરો છો. તમને પ્રાપ્ત થઇ
હવે આ યજ્ઞની ઈચ્છા ધરાવું, તો સાગરને છોડી જેમ મૂ-
ર્ખ ખાબોચિયાની પાસે જાય, તેના જેવો શું હું ન ગણાઉં ?
વેદના મંત્રો આપનું મહત્વ દર્શાવી રહ્યા છે. આપ સાક્ષાત્
યજ્ઞ નારાયણ છો. હવે યજ્ઞની શી આવશ્યકતા છે ?

મનહર ઉપવનનો ત્યાગ કરી કંટકોથી ભરપૂર સ્થલની
કોણ ઈચ્છા ધરાવે ? પ્રવૃત્તિ માર્ગ સંસાર સાગરમાં ફેંકી
દેનાર છે. આપને પ્રાપ્ત થઇ જો હવે પુનઃ એ માર્ગનું
સેવન કરૂં, તો પછી હું મહા મૂઢ ગણાઉં. અનેક જન્મોના
એકઠા થયેલાં પુણ્યોને લીધે આજે આપને નિહાળવા હું
સમર્થ થયો છું. હે કમલપત્રાક્ષ ! હે ગોવિંદ ! હે કૃપા-
નાથ ! હે દીનબંધુ ! આપમાંથી આ જગતની ઉત્પત્તિ થાય

છે, અને પુનઃ આપમાંજ લય પામે છે. ઉર્ણનાભિ જેમ તંતુ કાઢી તેની સાથે ક્રીડા કરી પુનઃ સમાવી દેછે, તેમ આપ સ્વેચ્છાથી જગત્‌ને ઉત્પન્ન કરી પુનઃ સમાવી દોછો. આપની મહા બળવાન્ માયાને લીધે અજ્ઞાની જનોની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે, અને તેથી તેઓ તમારૂં ભજન કે જે મુક્તિ આપનાર છે, તેનો ત્યાગ કરે છે. આપ અનંત, અજ, અચ્યુત, નિરાકાર, નિરંજન, નિરાલંબ, નિરાભાસ, નિત્ય, શાશ્વત, તથા પુરાણ છો. શુદ્ધ ભક્તિથીજ આપ જણાઓછો. કર્મ ઉપર આસક્તિ રાખનાર પુનઃ પુનઃ ગર્ભવાસની વેદના સહન કરે છે. હું આપને વારંવાર મસ્તક નમાવું છું. આજે હું કૃતાર્થ થયો. મારો હર્ષ આજે છલકાઈ જાય છે. શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા—મયૂરધ્વજ ! તારી ભક્તિ હું સારી રીતે જાણું છું, અને તેથીજ તારી કીર્તિ અમર રહે તે માટે મેં તારી આવી રીતે પરીક્ષા કરી છે.

મયૂરધ્વજના આગ્રહથી શ્રીકૃષ્ણ તથા અર્જુન ત્રણ રાત્રિ રહ્યા. ચોથે દિવસે રાજાએ અશ્વ સહિત પુષ્કળ સમૃદ્ધિ શ્રીકૃષ્ણને આપી અર્જુનનું આલિંગન કર્યું, અને પુત્ર સહિત પોતે શ્રીકૃષ્ણ સાથે રક્ષણ કરવા ચાલ્યો.

જેવી રીતે તામ્રધ્વજ તથા પાંડવની સેનાનું યુદ્ધ થયું, તેવી રીતે આ શરીરમાં પણ સદ્‌ગુણ અને દુર્ગુણનું નિરંતર યુદ્ધ ચાલે છે. તામ્રધ્વજે જેમ નિજ શૌર્યથી

અનેક યોદ્ધાઓનો ઘાણ કાઢી નાખ્યો, તેમ જીજ્ઞાસુ મનુષ્યે દૈવી સંપત્તિને ગ્રહણ કરી આસુરી સંપત્તિનો નાશ કરવો જોઇએ. (સમાપ્ત.)



પૃષ્ઠ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૪	પહારથી	પ્રહારથી
૩૮	વર્ષને	વર્ષનો
૩૯	ધડો	ઘડો
૪૦	બોલ્યો હે-	બોલ્યો-હે
૪૭	પિતાજી	પિતાજી !
૫૩	હૃદયમા	હૃદયમાં
૫૬	બોલ્યા.	બોલ્યો—
૬૧	મયૂરધ્વજ રાજાના પુત્રનું	મયૂરધ્વજ રાજાનું
૬૭	અધ	અર્ધ
૬૮	અધું	અર્ધું
૭૧	થાય છે !	થાય છે ?
,,	ચાડાલ !	ચાંડાલ ?
૭૩	પૃથ્વી પતિ ?	પૃથ્વી પતિ !
૭૪	એકઠા	એકઠાં

સૂચના—દૃષ્ટિદોષથી કોઇ ભૂલ રહી ગઇ હોય, તો તે સુધારી વાંચવા કૃપા કરવી.

જનસુખ રત્નમાલા.

વ્યવહાર તથા પરમાર્થમાં અત્યંત ઉપયોગી થઇ પડે ૪૦૦ બોધ વચનો આપવામાં આવ્યા છે, આ પુસ્તકનુ અ[illegible] કરવાથી નીતિનું ઉંચામા ઉંચુ સ્વરૂપ જણાયા વિના રહેશે મૂલ્ય માત્ર એક આનો.

મહાત્મા નચિકેતાનું આખ્યાન

કઠોપનિષદ્ ઉપ.થી ઉંચી ભાષામાં લખવામા આવ્યું છે. પુસ્તકના અધ્યયનથી મનુષ્ય મહાજ્ઞાની બને છે. જલદી નામ નો મૂલ્ય માત્ર બે આના.

શ્રેયમાર્ગ.

મનુષ્યનું શ્રેય કેવી રીતે થય તે આ પુસ્તકમા બહુજ ઉત્તમ રીતે દર્શાવી આપવામાં આવ્યુ છે જલદી નામ નોધાવો મૂલ્ય માત્ર બે આના.

મદ્યપાનથી થતી હાનિ.

મદ્યપાનથી કેવી મોટી હાનિ થાય છે, તે આ પુસ્તકમા બહુજ સરળ ભાષામા દર્શાવી આપ્યું છે. મૂલ્ય બે આના

શ્રી કૃષ્ણના પરમ ભક્ત

સુધન્વાનું આખ્યાન મૂલ્ય માત્ર બે આના.

પતિવ્રતા ધર્મ.

પતિવ્રતાનો ધર્મ શો છે તે આ પુસ્તક વાંચ્ય થી સ્પષ્ટ જણાઇ જશે મૂલ્ય બે આના.

કવિ જનસુખરામ નરહરરામ

હવાડિયા ચકલા—સુરત.